MY LESSONS IN ENGLISH

Exercises in Grammar, Composition & Translation

Book III

Std. III



\KIL

&

·SHI

THE GENERAL BOOK DEPOT.

MY LESSONS IN ENGLISH

[*With Exercises in Grammar,*
Composition and Translation]

Book III

For Standard III

BY

R. N. VAKIL, M. A.

Principal, The Modern School, Bombay

AND

D. P. JOSHI, M. A., S. T. C.

Vice Principal, The Modern School, Bombay.

Sometime

Head Master, Sharda Mandir High School, Karachi.

Head Master, Sanatan Dharma High School, Bhavnagar.

Publishers

THE GENERAL BOOK DEPOT

EDUCATIONAL PUBLISHERS

Princess Street, BOMBAY 2.

First Edition **March, 1939**

Price, Annas Seven

Printed by R. R. Bakhale, at Bombay Vaibhav Press,
Servants of India Socity's Building, Sandhurst Road, Bombay.

AND

Published by Parmananddas P. Thakkar
Proprietor, The General Book Depot, Bombay. 2

PREFACE

It has often been said that children find grammar difficult and dull; but much depends on how a subject is presented to the class. A good teacher can make the uninteresting interesting. In grammar, the things which matter most are not the words and forms but their *Meaning* and *Function*. It is hardly necessary to say that grammar is only a *Means for correct expression*, and not an end in itself.

In this series we have tried to make the subject as easy and interesting as possible. The whole book is in the form of a personal talk from the teacher. Most of the work is to be done orally. Children should get sufficient oral practice, before they are made to write. The teacher will find a sufficient number of exercises of various types for the application of the principles discussed in the book; additional exercises, however, may be given by the teacher, if necessary. Translation exercises, with new words at the end, are also included in the book.

The topics in the Composition Part of the book are mostly selected from the immediate and familiar surroundings of the child. We hope, this will make the young pupil take a live interest in what he speaks and writes, in the school and at home.

Our thanks are due to Mr. C. V. Wadhwana, B. A., S. T. C., of our School, for the ready assistance given by him in the preparation of this series.

The Modern School, R. N. V.

Bombay, 4. D. P. J.

CONTENTS

Part I

Part II Composition

MY LESSONS IN ENGLISH, BOOK III

PART I

LESSON 1

Revision (પુનરાવર્તન)

૧. આ પુસ્તકની પહેલાનાં પુસ્તકમાં તમે કેટલીક જાતના વાકયો વિશે શીખી ગયા છો. તેમજ વાકયમાં વપરાયેલા શબ્દો જેને અંગ્રેજીમાં આપણે Parts of Speech કહીએ છીએ તેને વિશે પણ શીખી ગયા છો.

ચાલો, આ બધાનું ટૂંકમાં પુનરાવર્તન કરી લઇએ:—

SENTENCE

1. Declarative 2. Interrogative 3. Imperative 4. Negative

PARTS OF SPEECH

1. Noun	Kind	Proper, Common.
	Number	Singular, Plural.
	Case	Nominative, Objective, Possessive.

2. Verb	Kind	Transitive, Intransitive.
	Tense	Present:— Simple Present. Present Continuous. Present Perfect. Past:— Simple Past. Past Continuous. Future:— Simple Future.
	Number	Singular, Plural.
3. Pronoun	Kind	Personal, Interrogative.
	Number	Singular, Plural.
	Case	Nominative, Objective, Possessive.
4. Adjective		
5. Adverb	Kind	Adverb of Manner. Adverb of Place. Adverb of Time.
6. Preposition		
7.		
8.		

૨. નીચે આપેલાં વાક્યો કઈ જાતનાં છે તે કહો અને તે વાક્યોમાં આવેલા Parts of Speech નો પદચ્છેદ (Parsing) કરો. (Parsing કરતી વખતે ઉપરના કોઠામાં આપેલી વિગતો ધ્યાનમાં રાખવી.)

1. Shall we call Sarla ?
2. She is always reading her lessons in the morning.
3. She does not go out for a walk.
4. Call her now.

LESSON 2

Order of Words—(વાક્યમાં પદોનો ક્રમ.)

૧. નીચેના વાક્યો ગુજરાતીમાં લખો:—

1. You are a good boy.
2. Rama killed Ravana.
3. My little sister was crying in her bed.
4. The teacher praised Krishnakant for getting the prize.

ઉપરનાં બધાં વાક્યો કેવાં છે? (Declarative Sentences)

હવે તમે લખેલાં ગુજરાતી વાક્યોને ઉપર આપેલાં ગુજરાતી વાક્યો સાથે સરખાવો.

આ બન્ને ભાષામાં લખાયેલાં એકજ અર્થનાં આ વાક્યોના શબ્દોના ક્રમમાં તમે કંઈ મુખ્ય તફાવત જુઓ છો ?

તમે જોશો કે ગુજરાતી વાક્યોમાં ક્રિયાપદ વાક્યને છેડે આવેલું છે; પણ અંગ્રેજી વાક્યોમાં તેમ નથી. કારણ કે, અંગ્રેજીમાં લગભગ બધાં Declarative Sentences માં કર્તાની પછી તરતજ ક્રિયાપદ મૂકાય છે.

હવે વાક્ય નં. ૩ જુઓ. તે વાક્યનું Verb "was crying" શાનું બનેલું છે ? Helping Verb 'to be' અને Present Participle 'crying' નું બનેલું છે. અંગ્રેજીમાં Declarative Sentences માં Helping Verb મૂળ Verb ની પહેલાં મૂકાય છે, પણ ગુજરાતીમાં 'was crying' નો અર્થ

લખવો હોય તો આપણે 'રડતી હતી' એમ લખીશું (ગુજરાતીમાં કૃદંત પહેલાં મૂકાય છે.)

હવે વાકય નં. ૪ જુઓ. તેમાં શબ્દોનો ક્રમ તપાસો. ત્યારે યાદ રાખો કે Declarative Sentences માં શબ્દોનો ક્રમ નીચેપ્રમાણે હોય છે:—

૧. સૌથી પહેલાં કર્તા.

૨. કર્તા પછી તરતજ ક્રિયાપદ.

૩. ક્રિયાપદ પછી તરતજ કર્મ. (કર્મ હોય તો.)

૪. અને જો કર્મ ન હોય તો, (અથવા હોય તો Object પછી) adverbs, અને તેની પછી ક્રિયાની સાથે સંબંધ ધરાવનાર (Why? When? How? વગેરે પ્રશ્નોના જવાબમાં આવી શકે તેવા) શબ્દો અથવા શબ્દસમૂહો આવે છે.

હવે વાક્ય નં. ૩ માં "IN her bed" અને વાકય નં. ૪ માં "For getting the prize" આ બે શબ્દ–સમૂહો જુઓ. એ બન્નેની અંદરના prepositions એ શબ્દ–સમૂહોની શરૂઆતમાં આવે છે, જ્યારે ગુજરાતીમાં તેની બરોબરીના પ્રત્યયો ગુજરાતી શબ્દ–સમૂહની પાછળ આવે છે; જેમકે, 'તેની પથારીમાં', અને "ઈનામ મેળવવા **માટે.**"

નોંધ:—અંગ્રેજીમાં prepositions તેનાં object તરીકે આવતાં noun અથવા pronoun અને તેની સાથે આવતા શબ્દ–સમૂહની **પહેલાં** મૂકાય છે.

ઉપર આવેલાં વાક્ય નં. ૩ અને ૪ ને ગુજરાતી વાકયોના શબ્દક્રમ પ્રમાણે તો નીચે પ્રમાણે લખાય:—

(મારી નાની બ્હેન તેની પથારીમાં રડતી હતી.)

(3) My little sister her bed in crying was.

(શિક્ષકે કૃષ્ણકાન્તને ઈનામ મેળવવા માટે વખાણ્યો.)

(4) The teacher Krishnakant a prize getting for praised.

અંગ્રેજીમાં આવી રીતે લખાયેલાં વાક્યો અર્થ વગરનાં અને તદ્દન ખોટાં ગણાય, માટે અંગ્રેજીમાં વાક્યો લખતી વખતે તેના શબ્દોના ક્રમમાં કાળજી રાખવી.

૨. નીચેનાં વાક્યોમાં શબ્દો ખોટા ક્રમમાં મૂકેલા છે, તે શબ્દોને ઉપર કહેલા નિયમો પ્રમાણે સાચા ક્રમમાં ગોઠવો:—

1. My brother a clerk is.
2. Sita a song singing is.
3. A sleeping man I saw.
4. Always he to see the cinema goes.
5. She hard work by the prize will win.
6. Slowly walks he.
7. The shop in they loudly talking were.

૩. હવે નીચેનાં બીજાં Declarative Sentences વાંચો અને તેનું ગુજરાતી કરો:—

1. The Head-Master of our school will ask us questions in English.
2. We have not read our lessons.
3. There are two hundred students in this school.

ઉપરનાં વાકય નં. ૧ માં possessive case 'our school' ની પહેલાં OF નો ઉપયોગ થયો છે. શામાટે ?

અંગ્રેજીમાં આવા શબ્દ-સમૂહોને, જે નામની સાથે તેનો સંબંધ હોય તેની પછી મૂકાય છે, એ યાદ રાખો અને આવા શબ્દસમૂહનો સંબંધ જો Subject ની સાથે હોય તો ક્રિયાપદ આવા શબ્દ–સમૂહની પછી આવે છે. જેમ કે, The Headmaster OF OUR SCHOOL will ask, વગેરે.

હવે વાકય નં. ૨ લઇએ. ગુજરાતીમાં 'not' માટેના શબ્દો 'નથી' 'ન હતું' વગેરેને આપણે વાકયને છેડે ક્રિયાપદ પછી મૂકીએ છીએ.

અંગ્રેજીમાં 'not' વાકયમાં કઈ જગ્યાએ મૂકાય છે ? (Declarative Sentences માં 'not' ને Auxiliary Verb અને મૂળ Verb ની વચ્ચે મૂકાય છે; અને જો to be એકજ ક્રિયાપદ હોય તો તેની પછી મૂકાય છે એ તમે જાણો છો.)

હવે વાકય નં. ૩ લઇએ. એ વાકય 'THERE' **થી શરૂ થાય છે.**

આવા વાકયોમાં ક્રિયાપદને કર્તાની પહેલાં મૂકાય છે અને બીજા શબ્દો કર્તાની પછી આવે છે.

૪. નીચેનાં વાકયોને યોગ્ય શબ્દક્રમમાં ગોઠવો:—

1. We hungry are not.
2. An old man was there in a town.
3. He did do not his lessons.
4. They sweetly sing not can.
5. I am coming you with not.

૫. નીચેનાં Interrogative અને Imperative વાક્યોને ગુજરાતીમાં લખોઃ—

1. Are you angry with me ?
2. Have you done your lessons ?
3. Will you not play in the match ?
4. Is your father not a merchant ?
5. Bring that book from the cup-board.
6. Do not tear that picture.

તમે લખેલાં Interrogative Sentences નાં ગુજરાતી વાક્યોનો અને ઉપરનાં અંગ્રેજી વાક્યોનો શબ્દક્રમ સરખાવો.

તમે જોશો કે **ગુજરાતીમાં** Declarative અને Interrogative વાક્યોનો શબ્દક્રમ સરખોજ છે. માત્ર પ્રશ્નાર્થ વાક્યને અંતે પ્રશ્નાર્થ ચિન્હ (?) મૂકવામાં આવે છે. પણ **અંગ્રેજીમાં** આ બે જાતનાં વાક્યોના શબ્દક્રમમાં તફાવત છે.

હવે ઉપરનાં પહેલાં બે વાક્યો લઇએઃ—

વાક્ય નં. ૧ માં ક્રિયાપદ બતાવો. તેને ક્યાં મૂકેલું છે ?
વાક્ય નં. ૨ માં ક્રિયાપદ બતાવો. તેને ક્યાં મૂકેલું છે ?

નોંધ :—Interrogative Sentence માં જો માત્ર ' to be ' ક્રિયાપદનું કોઈ રૂપ Verb હોય તો તે Subject ની પહેલાં મૂકાય છે. પણ તેવા વાક્યમાં Verb જો Auxiliary Verb અને મૂળ Verb નું બનેલું હોય તો Auxiliary Verb ને Subject ની પહેલાં મૂકાય છે અને મૂળ Verb ને Subject પછી મૂકાય છે.

તમે જોશો કે અંગ્રેજીમાં Interrogative Sentence નો Subject અને Verb નો ક્રમ Declarative Sentence ના Subject અને Verb ના ક્રમ કરતાં જુદો છે.

હવે વાકય નં. ૩ અને ૪ માં NOT શબ્દ આવેલો છે. તે એ વાકયોમાં કઈ જગ્યાએ મૂકાયો છે ?

Interrogative Sentence માં આપણે not ને કયાં મૂકીએ છીએ ?

નોંધ :—Interrogative Sentence માં not કર્તા પછી તરતજ મૂકાય છે; અને ક્રિયાપદ Auxiliary Verb વાળું હોય તો, ક્રિયાપદનું મૂળ Verb NOT પછી મૂકાય છે.

હવે વાકય નં. ૪ અને ૬ લઇએ. તે કેવાં વાકયો છે ? (Imperative Sentences.) તમે જાણો છો કે તે વાકયોની શરૂઆતમાં Vou (Subject) લખીએ તો તે વાકયો Declarative Sentences બની જશે; અને જો ' you ' અધ્યાહાર રાખશું તો તે વાકયો Imperative Sentences રહેશે.

નોંધ :—Declarative અને Imperative Sentences ના શબ્દક્રમમાં કંઈ ખાસ તફાવત નથી; Imperative Sentence માં માત્ર ' You ' (Subject) અધ્યાહાર રહે છે.

૬. નીચેનાં વાકયોના શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવીને તે વાકયોને Interrogative અથવા Imperative Sentences તરીકે ફરીથી લખો:—

1, Do run not.
2. Slowly walk me with.
3. My garden in come not do.
4. I may come in.
5. You to my house will come not.
6. Do this you can.
7. Your bath taken you have.
8. A thief he was not.

૭. હવે નીચેનાં Interrogative Sentences વાંચો:—

1. Where is your brother ?
2. What do you want ?
3. When will he come ?

તમે જોશો કે આ વાકયોમાં પણ, ઉપર આપણે Interrogative Sentence નો Subject અને Verb નો ક્રમ જોઈ ગયા તેજ છે. માત્ર Where, what, વગેરે શબ્દો આવાં વાકયોમાં વાકયની શરૂઆતમાં–ક્રિયાપદની પણ પહેલાં–મૂકાય છે તે ધ્યાનમાં રાખો.

૮. Translate into English :—

તમે સવારમાં ફરવા જાવ છો ? ત્યાં તમે શું જુઓ છો ? તમારી સાથે બીજું કોણ આવે છે ?

હું એક દિવસ ફરવા ગયો હતો. ત્યાં મેં બીજાં ઘણાં માણસોને ફરતાં જોયાં. મારી બ્હેન મારી સાથે આવે છે; મારો ભાઈ મારી સાથે આવતો નથી. તેને મોડા ઊઠવાની ટેવ છે.

આ ટેવ સારી નથી. સૌએ વહેલાં ઊઠવું જોઇએ. તમે કાલથી તમારા ભાઇને ફરવા લઈ જજો. સવારની તાજી હવા આપણા શરીરને ફાયદો કરે છે. આપણું મગજ પણ તાજું થાય છે.

તેથી આપણને આખો દિવસ કામ કરવું ગમશેઃ અને બધું કામ સારી રીતે પુરૂં થશે.

શબ્દો

a habit, ટેવ. therefore, તેથી

મગજ, brain. તાજું, fresh.
ફાડી નાખવું, to tear. ફાયદો કરવો, to do good.

LESSON 3

Collective and Material Nouns

I Collective Nouns—સમૂહવાચક નામ

તમે Proper Noun અને Common Noun કોને કહેવાય અને તે બેની વચ્ચે શો તફાવત છે તે શીખી ગયા છો. તે Nouns ના Number વિશે પણ શીખ્યા છો. ચાલો, આ પાઠમાં Nouns અને Number વિશે કંઈક વધારે વિચાર કરીએ.

૧. નીચેનાં nouns વાંચો. તે બધાં કેવાં Nouns છે તે તમે તરત કહી શકશો:—

Men, ladies, sheep, wolves, birds. આ બધાં nouns કયા number માં છે? (Plural.) એમાંથી કોઈપણ નામની આગળ a, one, this, કે that—આ ચારમાંથી એક પણ શબ્દ વાપરી શકાશે? (ના) કારણ?

૨, હવે નીચેનાં વાક્યો વાંચો:—

1. A CROWD of 100 men was standing under the tree.
2. A HERD of 30 cows was going on the road.

ઉપરનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં nouns કયા Number માં છે?

તમે તરત કહેશો કે એ nouns Singular માં છે, કારણ કે તે nouns ને plural number ના પ્રત્યયો ' s ' અથવા ' es ' લાગેલા નથી અને તે નામોની આગળ એકની સંખ્યા બતાવતો ' a ' શબ્દ આવેલો છે.

૩. વારૂ. હવે વાકય નં. ૧ માં 'crowd' (ટોળું) શબ્દ કોને માટે વપરાયો છે? એ crowd શાનું બનેલું છે? તમે જાણો છો કે તે crowd એકસો માણસોનું બનેલું છે. ત્યારે 'crowd' એ **ઘણા** માણસોનો જથ્થો અથવા સમૂહ બતાવતું noun છે. આવી જાતનાં nouns ને અંગ્રેજીમાં COLLECTIVE NOUN—કહેવાય છે.

બીજા વાકયમાં આવેલું 'herd' (ટોળું) પણ ગાયોનો સમૂહ દર્શાવતું Collective Noun—સમૂહવાચક નામ છે.

નોંધ :—અમુક વસ્તુઓ અથવા પ્રાણીઓના સમૂહ માટે અમુક શબ્દો વપરાય છે તે યાદ રાખો:—

A CROWD of men; a HERD of monkeys; a FLOCK of sheep; a PACK of wolves; a BUNCH of grapes; a CLASS of pupils; an ARMY of soldiers; a FLEET of ships, વગેરે.

૪. નીચેનાં વાકયો વાંચો:—

This class has fifteen boys and ten girls. There are twelve CLASSES in my school. There are six SCHOOLS in this place. There are many BUNCHES of keys in the school-office. The students are standing in two CROWDS in the compound.

ઉપરના વાકયોમાં મોટા અક્ષરે છાપેલાં nouns કયા number માં છે? (Plural માં).

તે બધાં કેવાં nouns છે? (Collective Nouns.)

તે Capital letter થી શરૂ થયાં છે? (ના)

ત્યારે તમે જોઈ શકયા હશો કે સમૂહવાચક નામો—

Collective Nouns—એ પણ Common Noun છે અને તે Plural Number માં મૂકી શકાય છે.

નોંધ :—દરેક Collective Noun એ Common Noun છે અને અમુક વસ્તુઓનો સમૂહ બતાવે છે; પણ દરેક Common noun અમુક વસ્તુઓનો સમૂહ બતાવી શકતું નથી.

૫. નીચેનાં વાક્યોમાં Collective nouns ની નીચે લીટી દોરો અને તે nouns ના Numbers બદલીને આ વાક્યો ફરીથી લખોઃ—

1. A troop of scouts will go to Mysore.
2. I saw a fleet of battle-ships.
3. Please make three piles of rupees.
4. The fox jumped to reach the bunch of grapes.
5. We saw many herds of monkeys in the forest.

II Material Nouns—દ્રવ્યવાચક નામ

૧. નીચે કેટલાંક nouns આપ્યાં છે. તે proper nouns, common nouns અને collective nouns—એ ત્રણેથી જુદી જાતનાં છે. આ નીચે આપેલાં નામો વાંચો અને તે તમે શીખી ગયા છો એ જાતના નામોથી કઈ રીતે જુદાં પડે છે તેનો વિચાર કરોઃ—

Wood	Flour (લોટ)
Iron	Cotton
Milk	Silk

તમે જોશો કે ઉપરનાં nouns જે વસ્તુ બતાવે છે તે એક સાથે જથ્થામાંજ હોય છે; અને તે જુદી પાડીને ગણી શકાતી નથી. વળી એ વસ્તુ–દ્રવ્ય–માંથી બીજી વસ્તુઓ બની શકે છે. જેમકે,

Chairs, tables and benches are made of WOOD.

નોંધ :—ત્યારે યાદ રાખો કે જે વસ્તુ એક જથ્થામાંજ રહે અને જેને જથ્થામાંથી જુદી પાડીને ગણી શકાય નહીં તથા જેમાંથી બીજી ચીજો બની શકે તેવી વસ્તુના નામને અંગ્રેજીમાં Material Noun (દ્રવ્યવાચક નામ) કહેવાય છે.

૨. ઉપર wood વિશે વાકય બનાવ્યું છે તેવાં બીજાં વાકયો બાકીનાં Iron, cotton વગેરે Material Nouns વિશે બનાવો.

૩. નીચે કેટલાંક નામો આપેલાં છે. તેની નીચે વાકયો આપેલાં છે. આ નામોમાંથી પસંદ કરીને નીચેનાં વાકયોમાં ખાલી રાખેલી જગ્યાઓમાં યોગ્ય Material Nouns મૂકો: –

Air, fire, water, snow, flesh, rice, grass, brass, gold, silver, stone, heat, land, ink, chalk, earth (માટી).

1. Cows eat.........., but lions eat............ .
2. Rich people wear ornaments of........., but poor people wear ornaments of......... .
3. The houses in cities are generally made of...... .
4. You can write with.........or......... .
5. Jugs are made of......... .
6. The Himalayas are always covered with...... .
7. We cannot live without......... .

૪. ઉપરનાં Material Nouns માંથી બાકી રહેલાં Nouns નો ઉપયોગ કરવા માટે બીજાં વાક્યો બનાવો.

૫. NUMBER OF COLLECTIVE AND MATERIAL NOUNS.

આગલા પાઠમાં આપણે જોઈ ગયા કે દરેક collective noun એ common noun છે, અને માટે તેને Plural Number માં મૂકી શકાય. પણ MATERIAL NOUN હંમેશાં SINGULAR NUMBER માંજ વપરાય છે. તેનું plural થઈ શકતું નથી.

નીચેનાં વાક્યો વાંચો. તેની અંદર Material Nouns મોટા અક્ષરે મૂકેલાં છે. આ અને આવાં બીજાં Material Nouns નું plural થઈ શકે નહીં :—

1. GOLD is a precious metal.
2. Women draw WATER from wells.
3. Many sweets are made from WHEAT.
4. On high mountains, the AIR is cool.

૬. Translate into English:—

સાંજે હું નિશાળેથી પાછો આવતો હતો. અમારા ટોળામાં પચાસ છોકરા હતા. સામેની બાજુએથી ગાયોનું ટોળું આવતું હતું. તે ટોળાંમાં પચીશ ગાયો હતી. તેની પાછળ બૈરાંઓનું ટોળું આવતું હતું. તે બધાં ગીતો ગાતાં હતાં. તેમણે નવાં કપડાં પહેર્યાં હતાં. કેટલાંક બૈરાંઓએ ઘરેણાં પહેર્યાં હતાં. કેટલાંક બૈરાંઓએ સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. તે બહુ સુંદર લાગતાં હતાં. પણ

એમનાં કપડાં વધારે સુંદર હતાં. તે કપડાંઓ રેશમી હતાં અને ભાતભાતનાં રંગનાં હતાં.

શબ્દો

a wolf,	વરૂ.	a sheep,	ઘેટું.
a crowd,	(માણુસોનું) ટોળું.	a herd,	(ગાયોનું) ટોળું.
an army,	લશ્કર.	a flock,	(ઘેટાનું) ટોળું.
a fleet,	કાફ્લો.	a ship,	વહાણુ.
a bunch,	ઝુમખો.	a troop,	લશ્કરી માણુસોનું ટોળું.
a battle,	લડાઈ.	a pile,	ઢગલો.
a forest,	જંગલ, વન.	a battle-ship,	મનવાર; લડાઇમાં વપરાતું વહાણુ.
a vessel,	વાસણુ.	an ornament,	ઘરેણું.
wood,	લાકડું.	flour,	લોટ.
iron,	લોઢું.	silk,	રેશમ.
gold,	સોનું.	cotton,	રૂ.
silver,	રૂપું.	precious,	કિંમતી.
copper,	તાંબુ.		

સામાન્ય રીતે,	generally.	મીઠાઈ,	sweets.
ઠંડી.	cool.	વધારે સુંદર,	more beautiful.
પાછા આવવું,	to return.	ઢંકાયેલા હોવું,	to be covered (with).

ભાતભાતનાં રંગનાં, of various colours.
સામેની બાજુએથી, from the opposite direction.

LESSON 4

Abstract Nouns

૧. અત્યારસુધીમાં તમે કયા કયા પ્રકારનાં નામો વિશે શીખી ગયા છો ?

(Proper Nouns, Common Nouns, Collective nouns અને Material Nouns)

દરેક પ્રકારનાં Nouns નાં બબ્બે દાખલા આપો.

આ ચારે પ્રકારનાં નામોનો ઉપયોગ તમે જાણો છો. આ પાઠમાં આપણે એક બીજા નવા પ્રકારના નામના ઉપયોગ વિશે વિચાર કરીશું.

તમે જાણો છો કે ઉપર આપેલાં ચારે પ્રકારનાં નામો વડે બતાવાતી વસ્તુઓને આપણી પાંચ ઇન્દ્રિયો (આંખ, નાક, કાન, જીભ અને ચામડી) વડે જોઇ શકાય, સુંઘી શકાય, સાંભળી શકાય, ચાખી શકાય અથવા તેનો સ્પર્શ કરી શકાય છે.

૨. હવે નીચેનાં વાકયો વાંચોઃ—

1. My father has great LOVE for me.
2. Take CARE; you will fall down.
3. He got much PLEASURE.
4. He showed MERCY to the beggar.

આ વાકયોમાં મોટા અક્ષરે છાપેલાં નામો વિશે વિચાર કરો. ઉપર બતાવેલી પાંચમાંની કોઈ પણ ઇન્દ્રિયની મદદ વડે આપણે આ નામોને ઓળખી શકીશું નહીં. છતાં આપણે એટલું તો જરૂર જાણી શકીએ છીએ કે આ બધાં નામો કંઈક ખાસ કહેવા માગે છે. આને આપણે "ભાવ" કહીએ છીએ અને આવી જાતનાં નામોને આપણે **ભાવવાચક નામ**—ABSTRACT NOUNS કહીએ છીએ.

૩. નીચેનાં વાક્યોમાંથી Abstract Nouns બતાવો :—

1. He always shows honesty.
2. Do you like truth or falsehood ?
3. I like the beauty of this flower.
4. Think of his kindness to that man.
5. What is the length of this stick ?

૪. આપણે Adjectives માંથી Abstract Noun બનાવી શકીએ. નીચે એવા બે દાખલા આપ્યા છે તે જુઓ :—

ADJECTIVES	NOUNS
Good.	Goodness.
Thick.	Thickness.

આ પ્રમાણે તમે Adjectives માંથી Abstract Nouns બનાવી શકશો. નીચે ડાબી બાજુના ખાનામાં Adjectives આપેલાં છે. તેના ઉપરથી Abstract Nouns બનાવીને તેને સામેના જમણી બાજુના ખાનામાં લખો: —

ADJECTIVES	ABSTRACT NOUNS
Short	
Sweet	
Great	
Cold	
Dark	
Red	

૫. Adjectives ઉપરથી, ઉપર બતાવ્યાં તે ઉપરાંત પણ બીજાં કેટલાંક નામ બને છે. તે નીચે આપ્યાં છે:—

ADJECTIVES	ABSTRACT NOUNS
Wise	wisdom
High	height
Honest	honesty
Long	length
Brave	bravery
Hot	heat
Broad	breadth
True	truth
Deep	depth
Proud	pride
Strong	strength

૬. નીચે કૌંસમાં Abstract Nouns આપેલાં છે તેમાંથી પસંદ કરીને, તેની નીચે આપેલાં વાકયોમાં ખાલી રાખેલી જગ્યાએ યોગ્ય Noun મૂકો :—

(Bravery, heat, darkness, wisdom, greatness, redness, strength.)

1. Look at the.........of the rose!
2. He used all his...............in raising that stone.
3. A brave man always shows.................. .
4. How can you take away the.................of a dark room.
5. The sun gives us.................. .
6. He can show the..............which his brother showed.
7. People can reach.....................by hard and honest work.

૭. Translate into English :—

તું રમેશની ઊંચાઈ જાણે છે? તે પાંચ ફુટ ઊંચો છે. તે અંધારામાં ગમે ત્યાં જઈ શકે છે. તે બહાદુર છે. ઘણી વખત મી. દવે તેની બહાદુરીનાં વખાણ કરે છે.

મી. દવે અમારા વર્ગશિક્ષક છે. તેની હોશિયારી વિશે તેં કંઈ સાંભળ્યું નથી? લેસન શીખવવાની એમની રીત ઘણી જ સારી છે. તે ખૂબ કાળજીથી અને ખંતથી અમને શીખવે છે; તે અમારા ઉપર બહુ પ્યાર રાખે છે. અમે તેમને બહુ માન આપીએ છીએ.

શબ્દો

love,	સ્નેહ, પ્યાર.	care,	સંભાળ, કાળજી.
mercy,	દયા.	pleasure,	આનંદ.
honesty,	પ્રમાણિકતા.	truth,	સત્ય.
beauty,	સુંદરતા.	falsehood,	અસત્ય.
kindness,	માયાળુપણું.	length,	લંબાઈ.
darkness,	અંધારૂં.	height,	ઊંચાઈ.
goodness,	ભલાઈ.	wisdom,	ડહાપણ.
pride,	અભિમાન.	breadth,	પહોળાઈ.

બહાદુરી,	bravery.	જોર, બળ,	strength.
હોશિયારી,	cleverness.	ખંત,	diligence.
વાપરવું,	to use.	ગમેત્યાં,	anywhere.

માન આપવું, to show respect (to).

LESSON 5

Plurals of Nouns

૧. નામોનાં બહુવચન કેવી રીતે થાય છે તે તમે શીખી ગયા છો. નીચે આપેલાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલા નામોનું વચન ફેરવી તે વાક્યો ફરી વાંચો:—

1. There is one BOY in the class.
2. CHILDREN always play.
3. A MOUSE has sharp teeth.
4. He has two BOOKS with him.
5. A carpenter makes wooden BOXES.
6. The policeman caught a THIEF.
7. Have you seen WOLVES ?
8. Look at those healthy BABIES !
9. You must get the KEY.

19. Do you like a MANGO ?

૨. ઉપર આપેલાં એકવચન અને બહુવચનના નામો વિશેના નિયમો તમે જાણો છો. હવે નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં બહુવચનના નામો જુઓ:—

1. { Suresh and Ramnik are BROTHERS.
We all live in the same building.
We are BRETHREN.

2. { Cover those tables with TABLE-CLOTHS.
Always put on clean CLOTHES.

3. { This poet and his brothers are GENIUSES.
Are you afraid of GENII ?

4. { There are two PENNIES in this purse.
The price of this purse is five PENCE. }

ઉપરનાં મોટા અક્ષરે છાપેલાં બહુવચનના નામોના એક વચનનાં રૂપો નીચે આપ્યાં છે તે જુઓ:—

SINGULAR	PLURAL
Brother (ભાઈ)	brothers (ભાઇઓ) brethren (ભાઇઓના જેવાં સંબંધ રાખનાર માણસો)
Cloth (કાપડ)	cloths (જુદી જુદી જાતનું કાપડ, કાપડના ટૂકડા) clothes (પહેરવાનાં કપડાં)
Genius (મહાબુદ્ધિશાળી મનુષ્ય)	geniuses (મહાબુદ્ધિશાળી મનુષ્યો) genii (ભૂતો)
Penny (પેની નામનો સિક્કો)	pennies (પેનીના છુટા સિક્કાઓ) pence (બે અથવા વધારે પેનીની એકત્ર થયેલી કિંમત)

આ ઉપરથી તમે જોઈ શકયા હશો કે કેટલાંક નામો એવાં હોય છે કે તેના બહુવચનના બે રૂપો હોય છે અને તે બન્ને રૂપોના જુદા જુદા અર્થ થાય છે.

૩. નીચેનાં વાકયોમાં ખાલી રાખેલી જગ્યાએ ઉપર આવી ગયેલાં નામોનાં Singulars અથવા Plurals યોગ્ય રીતે મૂકો:—

1. Rabindranath Tagore is a ....
2. Our country has given us many .... like Tagore and Bose.

3. I read about .... in many stories.
4. Rama and Lakshmana were ....
5. The plople of the same caste should live like ....
6. They always weave ...., and produce many ....
7. He likes to wear fine ....
8. Will you give me one penny or two .... ?
9. That book cost me three ....

૪. નીચેનાં નામોનાં એકવચન અને બહુવચનનાં રૂપો તપાસોઃ—

SINGULAR	PLURAL
Mother-in-law (સાસુ)	mothers-in-law
Father-in-law (સાસરો)	fathers-in-law
Sister-in-law (નણંદ, સાળી)	sisters-in-law
Brother-in-law (બનેવી, સાળો)	brothers-in-law
Son-in-law (જમાઈ)	sons-in-law
Daughter-in-law (પુત્રવધુ)	daughters-in-law
Passer-by (રાહદારી)	passers-by
Governor-general	governors-general

નોંધ :—આ બધાં નામો એ કે વધારે શબ્દો મળીને બનેલાં છે. તેવાં નામોને અંગ્રેજીમાં COMPOUND NOUNS (સંયુક્ત નામ) કહેવાય છે. એવાં નામોને બહુવચનનો 's' પ્રત્યય એ સંયુક્ત નામના મુખ્ય શબ્દને લાગે છે.

૫. કેટલાંક નામો એવાં હોય છે કે તેમની પહેલાં સંખ્યા વાચક વિશેષણ આવે ત્યારે તેને બહુવચનનો પ્રત્યય લાગતો નથી. જેમ કે,

1. I have TWO DOZEN books with me.
2. There are SIX HUNDRED pupils in our school.
3. His new house cost him TEN THOUSAND rupees.

૬. કેટલાંક નામો હંમેશાં બહુવચનમાં જ વપરાય છે. જેમ કે,

1. These SCISSORS are yours.
2. Our teacher wears SPECTACLES.
3. He gave THANKS to all.
4. He is a man of RICHES and gives ALMS to poor men.
5. His CLOTHES are always clean.
6. Some PEOPLE look after their CATTLE.

નોંધ :—નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં નામો બહુવચનમાં હોય એમ લાગે છે પણ અહીં તે એકવચનમાં છે.

1. I will give you some good NEWS.
2. Our team defeated them by AN INNINGS and four runs.

૭. Translate into English:—

૧. આ મીલમાં જાતજાતનાં કાપડો તૈયાર થાય છે. તેનું કાપડ સોંઘું મળે છે. તેનાં કપડાં બહુ મજબુત થાય છે. તેથી જ માણસો આ કાપડ બહુ ખરીદે છે.

૨. મારા ભાઈ આ કાપડનાં કપડાં પહેરે છે. તેમના પાડોશીઓ પણ આ જ કાપડ વાપરે છે. તેઓ બધા ભાઈઓની માફક રહે છે.

૩. રમેશને ઘેર ઘણા મહેમાનો આવ્યા છે. તેના ભાઈનાં લગ્ન થવાનાં છે. તેનો વરઘોડો નીકળશે. તે વરઘોડામાં તેના ભાઈઓ, બ્હેનો, બનેવીઓ તથા સાળીઓ હાજર રહેશે. રસ્તે જનારા લોકો આ વરઘોડો જોશે અને ખુશી થશે.

૪. હું તે વખતે આવીશ નહીં. અમારી ટીમનો દાવ પૂરો થયો નથી. હું ત્યાં રમવા જવાનો છું. તારી ઘડિયાળમાં કેટલા વાગ્યા છે? મારી ઘડિયાળને કાંટો જ નથી.

શબ્દો

scissors,	કાતર.	spectacles,	ચશ્માં.
thanks,	આભાર.	Riches,	પૈસા.
alms,	ભીખ, દાન.	cattle,	ઢોર.
to use,	વાપરવું.	to be present,	હાજર રહેવું.

જાતજાતનાં,	various.	સોંઘુ,	cheap.
વરઘોડો,	a procession.	દાવ,	an innings.

ભાઇઓની માફક, like brethren.

ટેબલપર ઢાંકવાનું કપડું, a table-cloth.

પેદા કરવું,	to produce.	કાંટો	a hand.
ખુશી થવું,	to be pleased.	મીલ,	a mill.
તેના લગ્ન થવાનાં છે,	he is to marry.	તરત,	soon.

LESSON 6

Cases of Nouns

૧. તમે જાણો છો કે અંગ્રેજીમાં માત્ર ત્રણ વિભક્તિઓ છે. તેનાં નામ આપશો ?

The Nominative Case; the Objective Case અને the Possessive Case.

Nominative Case બતાવવા માટે નામને પ્રત્યય લગાડવો પડે છે ?

Objective Case બતાવવા માટે ?

Possessive Case બતાવવા માટે ?

કોઈપણ પ્રાણીના નામને Possessive Case માં મૂકી એક વાક્ય બોલો.

નિર્જીવ પદાર્થના નામને Possessive Case માં મૂકી એક વાક્ય બોલો.

આ બન્ને જાતના નામોના Possessive Case ના રૂપમાં શો તફાવત છે ?

પહેલા વાકયમાં તમે પ્રાણીના નામને " 'S " લગાડ્યો અને બીજા વાકયમાં નિર્જીવ પદાર્થના નામની આગળ તમે " Of " મૂકીને તે નામની Possessive Case બનાવી.

૨. ગુજરાતીમાં વાકયમાં નામ ક્રિયાપદ સાથે કયા સંબંધથી જોડાયેલું છે તે બતાવવા માટે જુદી જુદી વિભકિતઓ છે. પરંતુ અંગ્રેજીમાં તો માત્ર ત્રણ જ વિભકિતઓ છે તે તમે જાણો છો.

હવે આપણે કહીએ કે He writes. તો તે શા વડે લખે છે ? શામાટે લખે છે ? ક્યાં લખે છે ? ક્યારે લખે છે ? આવી જાતના અર્થ બતાવવા માટે અંગ્રેજીમાં જુદી જુદી વિભકિતઓ નથી. જુદા જુદા અર્થ બતાવવા માટે આપણે જુદાં જુદાં PREPOSITIONS નો ઉપયોગ કરવો પડશે. Prepositions ની સાથે આવેલાં નામો OBJECTIVE CASE માં જ હોય છે.

ઉપર બતાવેલા ભાવો લાવવા માટે નીચે સવાલો પૂછ્યા છે અને તેની સામે તેના જવાબો આપેલા છે તે જુઓ :—

HE WRITES.

1. Who writes ? He writes.
2. What does he write ? He writes a sentence.
3. With what does he write ?
He writes WITH a pencil.
4. For what (why) does he write ?
He writes FOR practice.
5. From what does he write ?
He writes FROM my book.

ઉપરનાં જમણી બાજુનાં વાકયોમાં વાકય નં. ૧ માં ' He ' શબ્દ Nominative Case માં અને વાકય નં. ૨ માં ' a sentence શબ્દ ' Objective Case માં છે તે તમે જાણો છો.

બાકી રહેલાં વાકયો ધ્યાનપૂર્વક વાંચો. આ દરેક વાકયમાં કેટલાક શબ્દો મોટા અક્ષરે છાપ્યા છે. તે બધા Prepositions છે. હવે વાકય નં. ૩ લઇએ. આ વાકયમાં લખવાની ક્રિયાની વાત થઈ છે. લખવા માટે કયા સાધનની મદદ લેવી પડી છે ? પેન્સી-લની. માટે ' WITH a pencil.'

નોંધ :—કંઈપણ ક્રિયા કરવામાં જો કોઈપણ સાધનની મદદ લેવી પડે તો તે સાધન (સાધન બતાવનાર નામ) ની સાથે 'with' Preposition મૂકાય છે. જેમ કે, My sister plays WITH a toy; He plays WITH a ball વગેરે.

હવે વાકય નં. ૪ લઈએ. તેની અંદર કયું Preposition છે? (For). " For practice " માં 'For' શું બતાવે છે? હેતુ અથવા ઉદ્દેશ. તેજ પ્રમાણે We must take regular exercise FOR health—આ વાકયમાં પણ " for health " —એટલે તંદુરસ્તી મેળવવાના **ઉદ્દેશ અથવા ઈરાદાથી** આપણે હંમેશાં નિયમિત કસરત કરવી જોઈએ એમ કહ્યું છે.

હવે વાકય નં, ૫ લઈએ. તેની અંદર આવેલું Preposition બતાવો. આ વાકયમાં આવેલ " From my book " નું ' from ' preposition આ ક્રિયા કયાંથી થાય છે તે બતાવે છે.

તેજ પ્રમાણે in અથવા at Prepositions ક્રિયા કયાં અથવા ક્યારે થાય છે તે બતાવે છે.

૩. નીચેના વાકયોમાં ખાલી રાખેલી જગ્યામાં, with, for, from, in અથવા at, યોગ્ય રીતે મૂકો:—

1. The train will start .... the station.
2. It will start .... twelve o'clock.
3. Fish swim .... water.
4. There are five rupees .... my purse.
5. He works .... a prize.
6. He fell .... the window,
7. I like to write .... my new pen.

8. I had gone to Matheran ...... a change of air.
9. The lecture begins .... five in the evening.
10. The Head-master did not punish them .... a cane.

૪. છઠ્ઠી વિભક્તિના ઉપયોગમાં 'Of' Preposition કેટલું જરૂરનું છે તે તમે જાણો છો. હવે તે વિશે જરા વધારે વિચાર કરીએ. નીચેનાં વાક્યો વાંચો:—

1. The walls OF THIS HOUSE are painted nicely.
2. The caps OF THAT MERCHANT are very cheap.

પહેલાં વાક્યમાં મોટા અક્ષરે છાપેલ 'of this house'—આ શબ્દસમૂહ (Phrase) નો સંબંધ કોની સાથે છે? walls શબ્દની સાથે. કઈ દિવાલો? આ ઘરની દિવાલો. તેથી જ "the walls of this house" થયું.

બીજા વાક્યના "of that merchant"—આ Phrase નો સંબંધ કોની સાથે છે? 'caps' ની સાથે. કઈ ટોપીઓ? પેલા વેપારીની. તેથી જ "the caps of that merchant" થયું.

નોંધ:—આ બન્ને વાક્યોમાં આવેલાં આ બે Phrases-of this house અને of that merchant—અનુક્રમે walls અને caps શબ્દોના વિશેષણ હોય તેવું કામ કરે છે.

૫. નીચેનાં વાક્યોમાંથી, Possessive Case બતાવનારૂં 'of' Preposition લઈ લેવાયું છે. આ વાક્યોમાં 'of' ને યોગ્ય જગ્યાએ મૂકી આ વાક્યો તમારી નોટબુકમાં લખો:-

1. That baby the woman is ill.
2. The music Pratiksha is sweet.
3. The hand writing my friend won the prize..
4. Rohini is the sister Panna.
5. The colour the motor-car my friend is brown.

૬. Translate into English:—

અમે સિન્ધુ નદીમાં નાહવા જઈશું. અમે દસ વાગે અહીંથી નીકળશું. તમારે અમારી સાથે આવવું છે? તમારે ઘેરથી નવ વાગે નીકળજો અને અમને રસ્તામાં મળજો. મોડા થશો નહીં. અમારી સાથે ઘણો સામાન હશે. તે અમે અમારા નોકરને આપશું.

નહાયા પછી આપણે હોડીમાં બેસશું અને નદીને સામે કાંઠે જઈશું. પછી હોડીમાંથી ઉતરી જઈશું અને એક ગાંમડામાં જઈશું. ત્યાંના માણસો સાથે વાતો કરીશું. ગામડાના માણસો બહુ માયાળુ હોય છે. એમનો સ્વભાવ બહુ પ્રેમાળ હોય છે. ત્યાં આપણે એકાદ કલાક ગાળશું, તે ગામડાંની વાડીઓમાં ફરશું અને પછી ઘેર પાછા આવીશું.

શબ્દો

a lecture,	ભાષણ.	change of air,	હવાફેર.
health,	તન્દુરસ્તી.	a toy,	રમકડું.
exercise,	કસરત.	regular,	નિયમિત.
music,	સંગીત.	a picnic,	સહેલગાહ.

સામાન,	luggage.	મોડા થવું,	to be late.
સિન્ધુ નદી,	the Indus.	સામો કાંઠો,	the opposite bank..
હોડી,	a boat.	આ પ્રમાણે,	in this manner.
ગામડું,	a village.	એકાદ કલાક,	about an hour.
સ્વભાવ,	nature.	પ્રેમાળ,	loving.

LESSON 7

Genders of Nouns

૧. નીચેનાં વાક્યો વાંચો અને તેમાં મોટા અક્ષરે છાપેલાં Nouns ધ્યાનમાં રાખો, કારણ કે આ પાઠમાં આપણે Nouns વિશે કેટલીક નવી વિગતો શીખવાની છે.

I Masculine and Feminine Genders

1. Ramu is my BROTHER.
2. Ramila is my SISTER.
3. Ramu is a BOY.
4. Ramila is a GIRL.
5. Mohanlal is the FATHER of Kanu.
6. Madhukanta is the MOTHER of Kanu.
7. Dasharatha was the KING of Ayodhya.
8. Kaushalya was the QUEEN of Ayodhya.

ઉપરનાં એકી નંબરનાં વાક્યોમાં મોટા અક્ષરે આપેલાં Nouns ને તમારી નોટમાં ઉતારો અને એ જ પ્રમાણે બેકી નંબરનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં Nouns ને તમારી નોટમાં જુદાં ઉતારો.

ઉપરનાં વાક્યોમાં, ૧ અને ૨, ૩ અને ૪, ૫ અને ૬, ૭ અને ૮—આ બધાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં Nouns ને એક બીજા સાથે બદલાવીને લખી શકાય? દાખલા તરીકે

7. Dasharatha was the queen of Ayodhya અને

8. Kausalya was the king of Ayodhya, આ પ્રમાણે Nouns બદલી શકાય? તમે કહેશો કે એમ થઈ શકે નહીં. કારણ કે આપણે જાણીએ છીએ કે દશરથ પુરૂષ હતા અને કૌશલ્યા સ્ત્રી હતા. ' King ' (રાજા) શબ્દ પુરૂષ માટેજ વાપરી શકાય અને ' Queen ' (રાણી) શબ્દ સ્ત્રી માટેજ વાપરી શકાય.

King અને Queen એ કેવાં Nouns છે? (Common Nouns.) તેમની વચ્ચે કંઈ તફાવત છે? (King પુરૂષ માટે જ વપરાય અને Queen એ ફક્ત સ્રીમાટેજ વપરાય.) ત્યારે યાદ રાખો કે king અને bueen બન્ને Common Nouns છે છતાં તેમની વચ્ચે ઉપર કહ્યો તે જાતિ–Gender—નો તફાવત છે.

૨. તમે તમારી નોટમાં ઉપરનાં એકી અને બેકી નંબરના વાક્યોમાંથી જે Nouns ઉતાર્યાં છે તેને, ઉપર સમજાવેલ તફાવત ધ્યાનમાં રાખીને, નીચેના કોઠામાં ગોઠવો: ---

પુરૂષજાતિ	સ્ત્રીજાતિ

૩. તમારી નોટબુકમાં ઉપર પ્રમાણે એક કોઠો દોરો અને નીચે જે શબ્દો આપ્યા છે તેને તે કોઠામાં યોગ્ય જગ્યાએ મૂકો:—

woman, uncle, man, sir, madam, aunt, son, niece, daughter, lady, gentleman, grandfather, nephew, lady.

૪. ઉપર આપણે મનુષ્યોને લગતાં સ્ત્રી અને પુરૂષ માટે વાપરી શકાય એવાં તફાવતવાળાં નામોની વાત કરી. એવીજ રીતે બીજાં પ્રાણીઓ—પશુ પક્ષિ માટે પણ એવાંજ તફાવતવાળાં નામો છે. જેમકે,

A dog,	કુતરો.	a bitch,	કુતરી.
A horse,	ઘોડો.	a mare,	ઘોડી.
A cock,	કુકડો, મરઘો.	a hen,	કુકડી, મરઘી.

ત્યારે આપણે પુરૂષ અથવા નરજાતિના દરેક પ્રાણીને–મનુષ્ય કે પશુ પંખીને–લાગુ પડે તેવાં નામોને નરજાતિનાં એટલે અંગ્રેજીમાં MASCULINE GENDER નાં Nouns કહીએ છીએ અને સ્ત્રી અથવા નારીજાતિના દરેક પ્રાણીને લાગુ પડે તેવાં નામોને નારીજાતિનાં એટલે અંગ્રેજીમાં FEMININE GENDER નાં Nouns કહીએ છીએ.

ગુજરાતીમાં કેવો? કેવી? કેવું? એમ પૂછીને આપણે નામની જાતિ નક્કી કરી શકીએ છીએ; પરંતુ અંગ્રેજીમાં એમ નથી. **અંગ્રેજીમાં માત્ર જીવવાળી વસ્તુઓ–એટલે મનુષ્ય અને બીજાં પ્રાણીઓની જ નરજાતિ કે નારીજાતિ**

હોય છે. જીવ વિનાની સઘળી વસ્તુઓનાં નામો, જેને આપણે નાન્યતરજાતિ કહીએ છીએ તેમાં ગણાય છે. અંગ્રેજીમાં નાન્યતર જાતિને NEUTER GENDER કહેવાય છે.

૫. નીચેનાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલાં Nouns ની Gender બદલીને તે વાકયો ફરી લખો :—

1. The KING bowed to his MOTHER.
2. Who is the DAUGHTER of a very rich MAN ?
3. My GRANDMOTHER loves my FATHER.
4. His BROTHER hit the DOG.
5. The HEN was of black colour.
6. Your UNCLE likes a white HORSE.
7. Their SISTER is a fine LADY.
8. SIR, the little BOY came and told us that our BULL had died.

૬. અંગ્રેજીમાં Masculine Gender નાં કેટલાંક નામોને છેડે ESS પ્રત્યય લગાડવાથી તે નામો Feminine Gender નાં બની જાય છે.

નીચે આવાં કેટલાંક નામો આપેલાં છે. તેમાં કેટલાંક તમે પોતે બનાવી શકો એવાં છે તેથી તેમની એકજ Gender આપેલી છે, બીજી Gender નું નામ તમારે, તે નામની સામે ખાલી રાખેલી જગ્યામાં લખવાનું છે:—

Masculine Gender	Feminine Gender
1. Actor (નટ)	1. Actress (નટી)
2. (લેખક)	2. Authoress (લેખિકા)
3. Emperor (શહેનશાહ)	3.
4. Giant (રાક્ષસ)	4.
5. Duke (અમીર)	5. Duchess (અમીરની સ્ત્રી)
6.	6. Goddess (દેવી)
7.	7. Huntress (શિકારી સ્ત્રી)
8. Lion	8.
9. Master (શેઠ, માલીક)	9. Mistress
10. Negro	10. Negress
11. Poet	11.
12.	12. Priestess (પૂજારીણી)
13. Prince	13.
14. Shepherd	14.
15.	15. Tigress

નીચે આપેલાં Nouns ની Feminine Genders ધ્યાનમાં રાખો:—

Masculine Gender	Feminine Gender
Hero (બહાદુર માણસ)	Heroine
Viceroy	Vicerine
Widower (વિધુર)	Widow (વિધવા)
Master (કુમાર)	Miss (કુમારી)

૭. નીચે બીજાં કેટલાંક એવાં નામો આપેલાં છે કે જેની આગળ અથવા પાછળ બીજો શબ્દ મૂકવાથી તેની Feminine Gender બને છે:—

Masculine Gender	Feminine Gender
He-goat	She-goat
Cock-sparrow	Hen-sparrow
Man-servant	Maid-servant
Jack-ass	She-ass
Grand-father	Grand-mother
Land-lord	Land-lady
Milk-man	Milk-maid

નોંધ:—આ પાઠની શરૂઆતમાં જે વાક્યો આપ્યાં છે અને જેની અંદરથી મોટા અક્ષરે છાપેલાં નામો, તમે તમારી નોટબુકમાં બે ખાનાંઓ દોરીને ઉતાર્યાં તે brother, boy, father, વગેરે નામો Masculine Gender નાં છે. તેની સામેના ખાનામાં લખેલાં

sister, girl, mother વગેરે નામો Feminine Gender નાં છે. તે બધાં કોઈ પણ નિયમના આધાર વિના સ્વતંત્ર રીતે થાય છે તે યાદ રાખો.

૮. નીચેનાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલાં Nounsની Gender બદલીને એ વાકયો ફરીથી લખો:—

1. This MAN has COWS, HENS and DOGS.
2. MISS Patel is a very good GIRL.
3. MADAM, will you show me your NEPHEW ?
4. This WOMAN is a WIDOW.
5. LORD Linlithgow is the VICEROY of India.
6. The HUNTER killed a LIONESS and a TIGER.
7. The writer of this book is an Indian LADY.

• ૯. Translate into English:—

૧. મોર સરસ્વતી દેવીનું પ્રિય પક્ષી છે. તે તેના પર સ્વારી કરે છે. અંબાદેવી વાઘ ઉપર સ્વારી કરે છે.

૨. ઘણાં લોકો બકરાં, ગાય, બળદ, ઘોડા, કુતરા, કુતરીઓ અને બીજાં પશુઓને પાળે છે. તેઓ તેને પોતાના ઉપયોગમાં લે છે. બધા માણસો સિંહ, વાઘ અને બીજા જંગલી પશુઓથી ડરે છે. આ પશુઓ પણ શિકારીઓથી ડરે છે.

૩. મારા ભાઈ એક મશહુર નટની સાથે કામ કરશે. પછી તે તેની સાથે મુસાફરીએ જશે. એ નટે ઘણા દેશોના રાજાઓ અને રાણીઓને પોતાનો અભિનય બતાવ્યો છે. કેટલાંક રાજકુટુમ્બોનાં કુંવરો અને કુંવરીઓએ પણ તેની કળા જોઈ છે.

શબ્દો

a prince,	રાજાનો કુંવર.	a princess,	રાજાની કુંવરી.
favourite,	પ્રિય.	famous,	મશહૂર.
art,	કળા.	acting,	અભિનય.

રાજકુટુમ્બ,	a royal family.	સ્વારી કરવી,	to ride.
પાળવું,	to tame.	ઉપયોગમાં લેવું,	to use.
મુસાફરીએ જવું,	to go on a journey.	અભિનય કરવો,	to act.

II Neuter Gender

૧૦. આપણે Masculine અને Feminine Genders વિશે શીખી ગયા. તેમાં આપણે જોયું કે મનુષ્યોમાં નર અને નારી જાતિના ભેદ સહેલાઈથી પડી શકે છે. પણ મનુષ્ય સિવાયનાં બીજાં પ્રાણીઓમાં આ જાતિ–ભેદ સહેલાઈથી પાડી શકાતો નથી; જેમકે, a snake (સર્પ), a frog (દેડકો), a fish (માછલી), a tortoise (કાચબો) વગેરે. આપણે એમ માનીએ છીએ કે આવાં Common nouns, Masculine કે Feminine બેમાંથી એક્કે Gender નાં નથી. આવાં નામોને આપણે નાન્યતર જાતિ–NEUTER

GENDER– નાં નામ ગણીએ છીએ. દાખલા તરીકે આપણે કહીશું કે,

Men are afraid of a SNAKE, because IT is poisonous.

The CUCKOO is a sweet bird. Men like to hear IT.

તેમ જ મોટાં પ્રાણીઓ કે જેનાં નર અને નારી જાતિ એવા ભેદ પાડી શકાય, તેમને માટેનાં નામોને પણ સાધારણ રીતે આપણે Neuter Gender નાં નામો ગણીએ છીએ. જેમકે,

A HORSE is a beautiful animal. IT has got a mane on ITS neck.

The ELEPHANT is a strong animal. IT can carry heavy loads.

૧૧. સઘળી નિર્જીવ વસ્તુઓ Neuter Gender માં ગણાય છે. જેમકે,

PROPER NOUNS:—1. BOMBAY is a port. IT is a great city also.

2. The river GANGES comes from the Himalayas. The Hindus think IT to be holy.

COMMON NOUNS:—1. The palm TREE grows near the sea. IT is very tall.

2. The boy lost its FOUNTAIN-PEN.

MATERIAL NOUNS:-1. GOLD is a precious metal. All people like to have IT.

2. There is AIR everywhere. We cannot live without IT.

COLLECTIVE NOUNS પણ neuter gender માં ગણાય છે કારણ કે તે જાતનાં નામની વાત કરતી વખતે આપણે જાતિનો વિચાર કરતા જ નથી. જેમકે,

1. I saw CROWD of men. IT was very large.
2. A HERD of monkeys jumped from tree to tree. There were twenty monkeys in IT.

તે જ પ્રમાણે ABSTRACT NOUNS પણ Neuter Gender માં જ ગણાય છે. જેમકે, People should show MERCY to the poor. IT is a great virtue

Common Gender –સામાન્યજાતિ

૧૨. નીચેનાં નામોને તમે કઈ Gender માં મૂકશો ?

Friend, class-mate, child, parent, cousin, relative

નીચેનાં વાક્યો વાંચો. તેમાં ઉપર આપેલાં કેટલાંક નામો મોટા અક્ષરે છાપેલાં છે. તે Nouns ની Gender વિશે વિચાર કરો :—

1. Laxmi is my FRIEND, and Ramesh is my other FRIEND.

2. Satish and Suvina are the CHILDREN of my uncle; therefore they are my COUSINS.

3. Your father and mother are called your PARENTS.

તમે જોઈ શકશો કે 'friend' શબ્દ Laxmi (Feminine) અને Ramesh (Masculine) બન્ને Genders ના નામો માટે વાપરી શકાય છે. તેજ પ્રમાણે ઉપરના વાકયોમાં children, cousins, parents—આ શબ્દો બન્ને Genders માં વપરાયા છે. આવી જાતનાં નામો જે Masculine અથવા Feminine એટલે બન્ને Genders માટે વાપરી શકાય તેને COMMON GENDER નાં Nouns કહેવાય છે.

નીચે એવાં Common Gender નાં બીજાં કેટલાંક Nouns આપેલાં છે તેને વાકયોમાં વાપરો:—

Servant, pupil, teacher, visitor, ruler, guest, host, Hindu, Indian, Christian.

૧૩. Translate into English :—

શાહુજહાં મોટો રાજ્યકર્તા હતો. તેની સ્ત્રીના મરણ પછી તેણે તેને માટે ભવ્ય કબર બનાવી. પરદેશના મુસાફરો તે જોવા આવે છે. ત્યાં હંમેશાં જોવા આવનારાઓનું ટોળું રહે છે. તે કબર સુંદર અને કિંમતી આરસપહાણની બનેલી છે.

રાણી વિકટોરીઆ સારા રાજ્યકર્તા હતાં. તેને ઘણા મિત્રો હતા. તેના પ્રજાજનો તેને ઘણું ચાહતા.

શબ્દો

an examiner,	પરિક્ષક.	a visitor,	મુલાકાતે આવનાર, જોવા આવનાર.
to welcome,	આવકાર આપવા.	a class-mate,	એક જ વર્ગમાં ભણનાર.
a host,	જેને ઘેર મહેમાનો આવ્યા હોય તે	a guest,	મહેમાન.

આરસપહાણુ,	marble.	ભવ્ય,	grand.
પ્રજાજનો,	subjects.	મુસાફર,	a traveller,
પરદેશ.	foreign lands.	કબર,	a tomb.

LESSON 8

Sentence and Verb (Finite and Infinite)

૧. અત્યારસુધીમાં તમે કેટલાંય વાકયો વાંચ્યાં તથા લખ્યાં છે. તેમજ ક્રિયાપદ વિશે પણ તમે ઘણું શીખ્યા છો. આ પાઠમાં ક્રિયાપદ વિશે ઘણીજ અગત્યની એક વાત શીખશો.

તમારે તમારા મિત્રને કંઈપણ કહેવું હોય તો તમે શબ્દોને વાકયમાં ગોઠવીને વાકયદ્વારા આ વાત તમે કહો છો. નાનું બાળક વાકયો બનાવી અથવા બોલી શકતું નથી તેથી ઘણી વખત તેનું કહેવું આપણને પૂરૂં સમજાતું નથી. આ પ્રમાણે આપણા વિચારો એક બીજાને બરાબર જણાવવા માટે વાકયો આપણને ઘણાંજ ઉપયોગનાં છે.

હવે નીચેનું વાકય વાંચો અને તેનો અર્થ કરોઃ—

1. Many little children COME to our house, with their toys and balls.

આ વાકયની સાથે નીચેના શબ્દો સરખાવોઃ—

2. Many little children to our house, with their toys and balls.

તમે જોશો કે ઉપર નં.–૨–માં આપેલા શબ્દો પૂરો અર્થ આપતા નથી. શા માટે ?

ઉપર આપેલું વાકય નં.–૧ અને નં.–૨ ના શબ્દો સરખાવી જોશો તો તમને માલમ પડશે કે વાકય નં.–૧ માં, COME શબ્દ છે. નં.–૨ માં આ શબ્દ નથી. બાકીના બધા શબ્દો સરખા જ છે.

Come શું છે ? ક્રિયાપદ.

હવે નીચેના શબ્દો વાંચો :—

(3) Come (આવો)
(4) Run (દોડો)
(5) Stand (ઊભા થાવ)

તમે જોશો કે આ **દરેક શબ્દ વાક્ય છે** અને આ વાક્ય પૂરો અર્થ આપે છે. દરેક વાક્યમાં એક જ શબ્દ છે અને તે ક્રિયાપદ -Verb–છે.

તમે જોશો કે વાક્ય નં. ૧ માં ઘણા શબ્દો છે અને તે વાક્યમાં Interjection સિવાયનાં બધા Parts of Speech આવી જાય છે; છતાં તેમાંથી માત્ર Verb (come) કાઢી લઇએ તો તે વાક્યનો અર્થ અપૂર્ણ બની જાય છે.

નોંધ :—કોઇપણ વાક્યમાં Verb એ તે વાક્યનું અત્યંત અગત્યનું પદ છે. કારણ કે Verb સિવાય વાક્યનો અર્થ પૂરેપૂરી રીતે કહી શકાતો નથી અથવા સમજી શકાતો નથી.

૨. નીચેના શબ્દો વાંચો અને તેનો અર્થ કરો. જ્યાં જ્યાં અર્થ પૂરો ન નીકળતો હોય ત્યાં એકજ યોગ્ય શબ્દ ઉમેરીને પૂરા અર્થવાળું વાક્ય ફરીથી લખો :—

1. Hear.
2. Here.
3. We to the school at ten o'clock every day.
4. My friend the son of a rich man.
5. Sita sweetly.

6. On the black-board.
7. Sing.
8. What your name ?
9. Me your name.
10. Dogs bark.
11. There many dogs.
12. They their dogs.

ઉપરના શબ્દસમૂહોમાં જ્યાં જ્યાં તમારે શબ્દ ઉમરેવો પડ્યો તે કયો Part of Speech હતો ? (Verb).

ઉપરના વાકયોમાં જ્યાં જ્યાં તમારે આવો શબ્દ ઉમેરવો ન પડ્યો હોય તેવાં વાકયોમાં Verb ની નીચે લીટી દોરો. યાદ રાખો કે અમુક શબ્દો મળીને **પૂરેપૂરો અર્થ આપે તો જ તે વાકય કહેવાય,** નહિં તો તે માત્ર શબ્દોનો સમૂહ કહેવાય.

૩. FINITE AND INFINITE VERBS.

નીચેના શબ્દસમૂહો વાંચો.

1. He TO BE rich.
2. I TO BE rich.
3. We TO BE rich.

તમે જોશો કે ઉપરનાં ત્રણે શબ્દસમૂહોમાં to be ક્રિયાપદ આવેલું છે છતાં તે શબ્દસમૂહોનો અર્થ બરાબર સમજાતો નથી.

હવે નીચેનાં વાકયો વાંચો અને તેનો અર્થ કહો :—

1. He is (or was) rich.
2. I am (or was) rich.
3. We are (or were) rich.

તમે જોશો કે ઉપરનાં વાકયો પૂરેપૂરો અર્થ આપે છે અને તેમાં આવેલાં ત્રણ ક્રિયાપદો to be ક્રિયાપદનાં રૂપો છે. હવે, ઉપરનાં ત્રણ વાકયો પૂરો અર્થ આપે છે પણ તેની પહેલાનાં ત્રણ શબ્દસમૂહો પૂરો અર્થ આપતાં નથી તેનું કારણ શું છે ? બધામાં ક્રિયાપદ તો to be જ છે છતાં આમ કેમ બને છે? તમે જોશો કે ઉપરનાં ત્રણ વાકયોમાં ' to be ' ક્રિયાપદનાં જે રૂપો છે તે તેના કર્તા–Subject—સાથે સંબંધ ધરાવે છે. પહેલા વાકયમાં Subject HE, third person અને Singular number નું છે; તેની સાથે વર્તમાનકાળમાં " is " અને ભૂતકાળમાં " was "—આ બે રૂપો જ આવી શકે. તેવીજ રીતે બીજા અને ત્રીજા વાકયમાં I અને WE એ Subjects છે અને તેથી તેમના Person અને Number સાથે સંબંધ ધરાવતાં એજ Person અને Number નાં ક્રિયાપદનાં રૂપો વપરાયાં છે. આવાં ક્રિયાપદ (ક્રિયાપદનાં રૂપો) ને FINITE VERBS કહેવાય છે.

નોંધ :—જે ક્રિયાપદ પોતાના Subject ના Person અને Number ની મર્યાદામાં રહીને વાપરી શકાય તે Finite Verb કહેવાય. વાકયનો અર્થ પૂરો કરવા માટે જે ક્રિયાપદ વપરાય છે તે હંમેશાં Finite Verb જ હોઈ શકે.

જે ક્રિયાપદો ઉપર બતાવેલી મર્યાદામાં આવતાં નથી તે INFINITE (અમર્યાદિત) Verbs કહેવાય છે. તેમની પહેલાં હંમેશાં TO આવે છે અને એવાં ક્રિયાપદો વાકયનો અર્થ પૂરો કરી શકતાં નથી. જેમકે, ' to be ' એ Infinite Verb છે; અને આપણે જોયું કે ઉપરનાં ત્રણે શબ્દસમૂહોમાં તે અર્થ પૂરો બતાવી શકયું નથી.

૪. નીચેનાં વાકયો વાંચવાથી તમે જોઈ શકશો કે તેમાં વપરાએલ Finite Verb તેના Subject ની મર્યાદામાં રહેલું છે, જ્યારે Infinite Verb, Subject ગમે તે હોય છતાં, એમનું એમજ રહે છે:—

1. I WANT *to be* rich.
2. We / You / They } WANT *to be* rich.
3. He / She } WANTS *to be* rich.
4. He HAS *to go* home.
5. We HAVE *to go* home.

૫. નીચેનાં વાકયોમાં ખાલી રાખેલી જગ્યાએ, વાકયને છેડે કૌંસમાં આપેલા ક્રિયાપદને Finite Verb તરીકે મૂકો કે જેથી વાકયનો પૂરેપૂરો અર્થ થઈ શકે:—

1. Men .... to keep clean. (to bathe)
2. The woman .... to keep her child quiet. (to sing)
3. She .... kind to him. (to be)
4. We .... stones in the well. (to throw)
5. He .... to tease the old man. (to laugh)
6. The dog .... to bite people. (to run)
7. Babar .... to save Humayun's life. (to die)

8. They .... their parents to please them (to obey)

૬. Translate into English:—

એક ઘરડો ઉંદર તેના દરમાં રહેતો હતો. તે દરમાં તે ઘણાં વર્ષો સુધી રહ્યો હતો. તે ઘણો ડાહ્યો હતો. એક બિલાડી તેના દર પાસે દરરોજ આવતી હતી. તે બિલાડીએ તેને પકડવાને ઘણી-વાર પ્રયત્ન કર્યા. પણ તે તેને પકડી શકી નહીં. તે ઘરડો ઉંદર ખૂબ લુચ્ચો હતો. તે દિવસના ભાગમાં ઊંઘી જતો અને રાત્રે પોતાનો ખોરાક શોધવા જતો. બિલાડીને ઉંદર પકડવા બહુ ગમે છે. તેને ઉંદર ખાવાની બહુ મજા પડે છે. પણ આ ઉંદર બિલાડી માટે ભોજન બનવા માગતો ન હતો.

શબ્દો

to obey, તાબે થવું.	to tease, ચીડવવું.
a hole, દર.	cunning, લુચ્ચો.

પકડવું, to catch. ખોરાક, food, dinner.

દરરોજ આવતી હતી, used to come daily.

બનવા માગતો ન હતો, did not want to be.

———:o:———

LESSON 9

Subject, Object and Complement

તમે Subject અને Object વિશે કેટલુંક શીખી ગયા છો. આ પાઠમાં આપણે તેનું પુનરાવર્તન કરી લઇએ. તેમ જ બીજું કેટલુંક નવું શીખીએ—

૧. વાક્યમાં સૌથી વધારે અગત્યનું પદ કયું? (Finite Verb). નીચેના વાક્યોમાં Finite Verbs બતાવો:—

1. Pupils are writing their lessons.
2. He will go to Karachi next month.

Finite Verb જે ક્રિયા બતાવે તે ક્રિયાના કરનાર માટે વપરાયેલું Noun અથવા Pronoun શું કહેવાય?

તે હંમેશાં કંઈ Case માં વપરાય?

ઉપરનાં વાક્યોમાં Subjects શું છે?

૨. નીચેનાં વાક્યોમાં Subjects ની નીચે લીટી દોરો અને તે Subjects જે ક્રિયા કરે છે તેને માટેના શબ્દો બતાવો:—

1. His younger brother speaks very fast.
2. My sister's friend looks well.
3. Our sister Prabha is playing with toys now.
4. The old man can walk many miles.
5. Its small mouth opens quickly.

૩. નીચેનાં કેટલાંક વાક્યોમાં Subjects ખોટા છે. જ્યાં જ્યાં તે ખોટા હોય ત્યાં સુધારીને વાક્યો ફરીથી લખો:—

1. Them are my class-mates.

2. Whom wrote this story ?
3. Whose brother is ill ?
4. Whose is dead ?
5. Her is crying.
6. You have broken this cup.
7. Us respect our teachers.
8. Her brothers have gone to swim.

૪. એવાં Finite Verbs કહો કે જેની ક્રિયા Subject પોતે બીજા કોઇની મદદ વગર એકલો જ કરી શકે.

Stand, speak, run વગેરે એવાં ક્રિયાપદો છે.

નીચેનાં વાકયો વાંચો. તેની અંદર આવેલાં ક્રિયાપદો એવાં છે કે તેમાં બતાવેલી ક્રિયાને Subject બીજા કોઇની મદદ વગર પોતે એકલો જ કરી શકે છે:—

1. He STANDS in the sun.
2. The horses RUN on the road.

આ વાકયોમાં મોટા અક્ષરે છાપ્યાં છે તે ક્રિયાપદો કેવાં કહેવાય ? (Intransitive Verbs)

પણ કોઈ તમને કહે કે ' Bring; ' તો તમે શું કરશો ?

કંઈ નહીં. કારણ કે લાવવાની ક્રિયા એવી છે કે વાકયમાં લાવવાની વસ્તુનું નામ હેવાય તોજ તમે તે લાવી શકો. નહીં તો " શું લાવું ? " એજ તમારે પૂછવું પડશે.

હવે નીચેનાં વાકયો વાંચો :—

1. She brings MANGOES.
2. They eat RICE.

3. Open the BOX.
4. Push HIM.

ઉપરનાં વાકયોમાં આવેલાં Finite Verbs બતાવો. તે કેવાં છે? તેમની બતાવેલી ક્રિયા Subject પોતે બીજી કોઈપણ વસ્તુની મદદ વગર કરી શકશે? (ના) ઉપરનાં વાકયોમાં આ બીજી વસ્તુઓનાં નામો મોટા અક્ષરે છાપવામાં આવ્યાં છે.

આ Nouns અથવા Pronouns શું છે? તે Verbs નાં Objects છે. તે બધાં કઈ Case માં છે? (Objective Case માં)

૫. નીચેનાં વાકયોમાં Objects ની નીચે લીટી દોરો અને જે વાકયોમાં Objects ખોટાં હોય ત્યાં તે સુધારીને વાકયો ફરીથી લખો:—

1. We like oranges very much.
2. My father buys they from the market.
3. He drinks their juice.
4. My mother prepared it in the morning.
5. I know her friends in the town.
6. Will you call she at your house ?
7. Her uncle will take we with him to the picture.
8. Who will the teacher punish ?

૬. Preposition પછીના શબ્દોમાં જે Noun અથવા Pronoun આવે તે કઈ Case માં હોય છે ?

તમે જાણો છો કે આવું Noun અથવા Pronoun તે Preposition નું Object કહેવાય છે.

આ પ્રમાણે Transitive Verb પછી અને Preposition પછી પણ Object આવે છે.

૭. ઉપરનાં વાક્યોમાં આવેલાં Prepositions અને તેનાં Objects બતાવો અને આ જાતનાં Objects નીચે ડબલ લીટી (═══════) દોરો.

૮. નીચેનું વાક્ય વાંચો:—

I asked them a question.

મેં કોને પૂછ્યું ? (Whom did I ask ?) મેં શું પૂછ્યું ? (What did I ask ?). આ પ્રશ્નોના જવાબમાં Them અને Question આ બે શબ્દો આવશે. ત્યારે આ વાક્યમાં Verb ને બે Objects છે. ત્યારે જે માણસ (Person) ને પૂછ્યું હોય તે Person INDIRECT OBJECT કહેવાય છે. જેમકે, ઉપરના વાક્યમાં ‘ Them; ’ અને જે વસ્તુ (Thing) પૂછી હોય તે DIRECT OBJECT કહેવાય છે. તેથી આજ વાક્યમાં ‘ a question ’ એ Direct Object છે.

૯. નીચેનાં વાક્યોમાં ખાલી રાખેલી જગ્યાએ Objects મૂકો અને તે કેવાં Objects છે તે કહો: –

1. I gave him ....
2. The teacher told .... a story.

4. Show ....

3. Shanta asked ....

૧૦. INCOMPLETE VERBS.

નીચેનાં વાકયો વાંચો અને તેની અંદર આવેલાં Verbs જુઓ :—

1. Krishna IS clever.
2. My brother BECAME happy.
3. She LOOKS glad.

ઉપરનાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલાં Verbs પણ Transitive Verbs ની માફક અધુરાં અર્થવાળાં છે. પણ તેનો અર્થ પૂરો કરવા માટે ઉમેરાયેલા શબ્દો તેના Objects નથી. એવાં Verbs INCOMPLETE VERBS કહેવાય છે અને તે Verbs નો અર્થ પૂરો કરવાને માટે વપરાયેલા શબ્દો COMPLEMENTS કહેવાય છે.

નોંધ :—ત્યારે યાદ રાખો કે (૧) જે Verbs નો અર્થ પૂરો કરવા માટે Objects ની જરૂર હોય તે TRANSITIVE VERBS કહેવાય છે.

(૨) જે Verbs નો અર્થ પૂરો કરવા માટે Objects ન હોય એવા શબ્દોની જરૂર પડે તે INCOMPLETE VERBS કહેવાય છે; અને

(૩) Verbs પોતેજ પૂરા અર્થવાળાં હોય અને જેને પોતાનો અર્થ પૂરો કરવા માટે બીજા કોઇપણ શબ્દની જરૂર ન પડે તે INTRANSITIVE VERBS કહેવાય છે.

૧૧. નીચેનાં કેટલાંક વાકયોમાં Incomplete Verbs છે. તે વાકયોમાં Complements ઉમેરવાનાં છે. નીચે કેટલાંક શબ્દો આપેલા છે તેમાંથી Complements માટે યોગ્ય શબ્દો પસંદ કરીને તેને તે વાકયોમાં (ક્રિયાપદ પછી) મૂકો અને પછી આ વાકયો તમારી નોટમાં લખો:—

Very cheerful; him; blue; very small; active.

1. I was on that day.
2. The colour of the sky is always.
3. She always laughs.
4. They have travelled in many places.
5. Rice grow in the fields.
6. An ant looks in its work.
7. A bird seems in the sky.
8. I asked a question.

ત્યારે જો કોઈપણ ક્રિયાપદનો પૂરેપૂરો અર્થ સમજાતો ન હોય અને તે અર્થ પૂરો કરવા માટે Object સિવાયના બીજા શબ્દોની જરૂર પડે તો તે ક્રિયાપદ કેવું કહેવાય? અને તે ક્રિયાપદ પછી ઉમેરાયેલા આવા શબ્દો શું કહેવાય?

૧૨. નીચે કોઠો આપ્યો છે તેના જેવો કોઠો તમે તમારી નોટબુકમાં દોરો અને આ કોઠાની નીચે આપેલાં વાકયોમાંના શબ્દોને એ કોઠામાં યોગ્ય ખાનામાં મૂકો:—

Subject		Object of the verb		Object of the Preposition			Compliment
Noun	Pro-noun	Direct Object	Indirect Object	Preposition	Object (noun)	Object (Pronoun)	

1. The queen was walking in her garden.
2. She was very sad.
3. The king saw her from the palace.
4. He sent a gem with a servant.
5. She became very joyful.
6. Newspapers tell us many new things.
7. They show the readers fine pictures.
8. Walking in the morning is good for our health.
9. These stories are very interesting.
10. Who told you these stories ?

૧૩. Translate into English:—

એક દિવસ એક ઘરડો ઉંદર માંદો પડ્યો. તે મરી જવાની અણી ઉપર હતો. તેણે બીજા નાના ઉંદરોને બોલાવ્યા. અને તેમને બીલાડીથી દૂર રહેવા કહ્યું. ત્યાં એક નાનો ઉંદર હતો. તેણે તે ઘરડા ઉંદરની શીખામણ સાંભળી ન હતી. એક દિવસ આ ઉંદર તેના દરમાંથી બહાર નીકળ્યો. તે ઉતાવળમાં હતો. તે આસપાસ જોયા વગર દોડવા લાગ્યો. પેલી લુચ્ચી બીલાડી ત્યાં બેઠી હતી અને તેની રાહ જોતી હતી. તેણે તે ઉંદરને જોયો. તે તેના ઉપર કૂદી અને તેને મારી નાખ્યો. પછી તેણે ખૂબ આનંદથી તેને ખાધો.

શબ્દો

to cook,	રસોઈ બનાવવી.	a class-mate,	વર્ગમાં સાથે ભણનાર.
to push,	ધક્કો મારવો.	juice,	રસ.
to prepare,	તૈયાર કરવું.	cheerful,	આનંદી.
to travel,	મુસાફરી કરવી.	active,	ચાલાક
to seem,	દેખાવું.	a gem	રત્ન.
to wait,	રાહ જોવી.	interesting,	રસિક.

દૂર રહેવું, to be away (from). શીખામણ, advice.
દર, a hole. ઉતાવળ, hurry.
તે મરી જવાની અણી ઉપર હતો, he was on the point of dying.

LESSON 10

Verbs—Tenses

૧. તમે અત્યાર સુધીમાં કયા કયા Tenses શીખી ગયા ?

PRESENT TENSE	PAST TENSE	FUTURE TENSI
1. Simple Present	1. Simple Past	1. Simple Future
2. Present Continuous	2. Continuous Past	
3. Present Perfect		

1. To walk ક્રિયાપદનાં નીચેનાં રૂપો કહો:—

Simple Present, I walk વગેરે.
Present Continuous, I am walking વગે
Present Perfect, I have walked વગ

2. To play ક્રિયાપદનાં નીચેનાં રૂપો કહો:—

Simple Past, I played વગેરે.
Continuous Past, I was playing વગે

3. To learn ક્રિયાપદનાં નીચેનાં રૂપો કહો:—

Simple Future, I shall learn વગેરે.

નોંધ:—અત્યાર સુધીમાં તમે શીખી ગયા તે ક્રિયાપદોનાં રૂપો ઉપર તમે એક વાત ધ્યાનમાં રાખી હશે કે ક્રિયાપદનાં રૂપમાં કર્તા Person અને Number પ્રમાણે ફેરફાર થાય છે. એટ કર્તા પહેલા બીજા કે ત્રીજા પુરૂષમાં હોય તો ક્રિયાપદ પણ તે પુરૂષમાં હોય અને કર્તા એકવચન કે બહુવચનમાં હોય ક્રિયાપદ પણ તેજ વચનમાં હોય.

૨. હવે ક્રિયાપદનાં કેટલાંક બીજાં રૂપોનો વિચાર કરીએ:-

I Continuous Future Tense
(ચાલુ ભવિષ્યકાળ)

તમે જાણો છો કે અમુક ક્રિયા ભવિષ્યકાળમાં થવાની છે એમ બતાવવા માટે આપણે ક્રિયાપદને ભવિષ્યકાળમાં વાપરીએ છીએ; પણ ભવિષ્યકાળમાં અમુક વખતે ક્રિયાપદમાં સૂચવેલી ક્રિયા **ચાલુ** કે **અપૂર્ણ** હશે એવું બતાવવા માટે **ચાલુ ભવિષ્યકાળ**—CONTINUOUS FUTURE TENSE વપરાય છે. જેમકે, કોઈ તમને પૂછે કે કાલે સવારે તમે શું કરતા હશો ?

જવાબ:—I SHALL BE PLAYING at that time. તથા.

What will you be doing at 3 o'clock to-morrow ?

I SHALL BE READING at that time.

ઉપરનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં રૂપો યાદ રાખો. તેજ પ્રમાણે ' to learn ' નાં રૂપો નીચે આપ્યાં છે તે જુઓ :—

I SHALL BE LEARNING.
We SHALL BE LEARNING.

You WILL BE LEARNING.
You WILL BE LEARNING.

He
She } WILL BE LEARNING.
It

They WILL BE LEARNING.

નોંધ :—ક્રિયાપદના Continuous Future Tense નાં રૂપો બનાવવાં હોય ત્યારે મૂળ ક્રિયાપદનું વર્તમાન કૃદંતનું રૂપ લ્યો અને તેની આગળ સહાયકારી ક્રિયાપદ to be નું ભવિષ્યકાળનું રૂપ મૂકો. જેમકે, to teach; વર્તમાન કૃદંત teaching; તેની પહેલાં to be નું ભવિષ્યકાળનું રૂપ–shall be અથવા will be મૂકવું; તેથી નીચેનાં રૂપો બને છેઃ—

I shall be teaching, We shall be teaching વગેરે.

૩. નીચે લખેલાં વાકયોની સામે ખાલી રાખેલી જગ્યામાં યોગ્ય વાકયો લખો :—

SIMPLE FUTURE	CONTINUOUS FUTURE
You will read	....
....	He will be sitting
We shall go	....
....	They will be coming
I shall speak	....
....	Pushpa will be singing

૪. નીચેનાં વાકયોમાં આવેલાં ક્રિયાપદોને ભવિષ્યકાળ તથા ચાલુ ભવિષ્યકાળમાં મૂકો :—

1. The train is coming.
2. Mohan asked a question.
3. The moon shines in the sky.
4. They have walked four miles.
5. Sarla was reading in the morning.
6. It rains in the monsoon.

૫. Translate into English:—

આજે નિશાળ બંધ છે. તેથી અમે દરિયાકાંઠે ફરવા જઈશું. તું અમારી સાથે આવશે ? ત્યાં તમે શું જોશો ?

કેટલાક માણસો આમ તેમ ફરતા હશે. કેટલાંક છોકરાંઓ આમ તેમ દોડતાં હશે; કેટલાંક રમતાં હશે; કેટલાંક કંઈક ખાતાં હશે. મીઠાઈની દુકાનવાળાઓ મીઠાઈ વેચતા હશે. ત્યાં કેટલીક હોડીઓ હશે. તેમાં ઘણાં માણસો ફરવા જતા હશે. હોડીઓના સઢ ખૂબ મોટા હોય છે. તેના ઉપર ખલાસીના છોકરાઓ ચડતા હશે. અપણે પણ ખૂબ મજા કરીશું. આઠેક વાગે આપણે પાછા આવીશું.

શબ્દો

monsoon, વર્ષાઋતુ. sea-shore, દરિયા કાંઠો.

સઢ, a sail. ખલાસી, a sailor.
મજા કરવી. to enjoy. આપણે પણ, we also.
આઠેક વાગે, at about eight.

II Past Perfect Tense—પૂર્ણભૂતકાળ

૧. સાદો ભૂતકાળ ક્યાં વપરાય તે તમે શીખી ગયા છો. હવે નીચેનાં વાક્યો વાંચો :—

1. Maya *sat there.*
   She HAD DANCED much.
2. They *passed.*
   They HAD WORKED hard.

3. They *returned* home after the train HAD STARTED.
4. He *asked* me to sit down before I HAD ANSWERED his question.

ઉપરનાં વાકયોમાં ઈટાલીકસમાં લખેલાં ક્રિયાપદો કયા Tense માં છે તે તમે જાણો છો. એ ક્રિયાયદો, ક્રિયા ભૂતકાળમાં થઈ છે એમ બતાવે છે.

હવે ઉપરના વાકયોમાંની પહેલી જોડ લઇએ:—

Maya sat there. She had danced much.

આમાં કેટલી ક્રિયા થઈ છે ? બે. કઈ કઈ ?

(૧) માયા ત્યાં બેઠી અને (૨) તેણે ખૂબ નૃત્ય કર્યું. તમે એટલું તો જોઈ શકયા હશો કે આ બન્ને ક્રિયાઓ ભૂતકાળમાં થઈ છે. પરંતુ તે **બન્ને સાથે થઈ નથી;** એમાંની એક ક્રિયા પહેલાં અને બીજી ક્રિયા પછી થયેલી છે. ત્યારે આ વાકયોની જોડમાં કઈ ક્રિયા પહેલી થઈ? નૃત્ય કરવાની. કઇ ક્રિયા પાછળ થઈ? માયા ત્યાં બેઠી તે. તેજ પ્રમાણે બીજાં વાકયોમાં પણ બન્ને ક્રિયાઓ ભૂતકાળમાં થયેલી છે છતાં એ બન્ને ક્રિયાઓમાં એક આગળ અને બીજી પાછળ થયેલી છે.

ઉપર આપેલાં વાકયોની બીજી જોડમાં કઈ ક્રિયા આગળ અને કઈ ક્રિયા પાછળ થયેલી છે ?

આજ પ્રમાણે ઉપરનાં વાકયોની ત્રીજી અને ચોથી જોડમાં આગળ અને પાછળની ક્રિયાઓ બતાવો.

જ્યારે ભૂતકાળમાં બે ક્રિયાઓ થઈ ગઈ હોય, ત્યારે જે

ક્રિયા કોઈ બીજી ક્રિયાની પહેલાં થઈ હોય તે ક્રિયાને બતાવવા માટે અંગ્રેજીમાં પૂર્ણ ભૂતકાળ— PAST PERFECT TENSE–વપરાય છે.

નોંધ :—મૂખ્ય ક્રિયાપદનાં ભૂતકૃદંત (Past Participle) નાં રૂપની આગળ સહાયકારી ક્રિયાપદ to have નું ભૂતકાળનું રૂપ મૂકો તો પૂર્ણભૂતકાળનું રૂપ બને છે. જેમકે,

(To walk—Past Perfect Tense)

I had walked,	We had walked.
You had walked,	You had walked.
He / She / It } had walked,	They had walked.

૨. નીચેનાં વાકયોમાં Past Perfect Tense વાપરવાનો છે. તે વાકયોમાં ખાલી રાખેલી જગ્યાએ ક્રિયાપદોમાં યોગ્ય રૂપો મૂકો, અને આ વાકયો તમારી નોટમાં લખો.

(જરૂર છે ત્યાં મુખ્ય ક્રિયાપદ કૌંસમાં આપેલું છે)

1. They had (to go) ...... home, after they arrived.
2. She (to get) ...... the first prize, because she ...... worked hard.
3. We ran to his help, but the robber had (to run) ...... away.
4. The master was angry with the servant, because he .... (to steal) .... some ornaments.

5. Our teacher (to praise) .... Malati, for she .... (to get) .... the first prize.
6. The children .... finished their song before I came.

૩. Translate into English:—

નિશાળનો ઘંટ વાગ્યો તે પહેલાં અમે અમારા વર્ગમાં ગયા હતા. રમણિક આજે મોડો આવ્યો કારણ કે તે સુરત ગયો હતો અને થાકી ગયો હતો. તે આવ્યો ત્યાર પહેલાં અમારા શિક્ષક નિશાળે આવી ગયા હતા. શિક્ષકે તેને પૂછ્યું તે પહેલાં તેણે તેના પિતાની ચિઠ્ઠી શિક્ષકને આપી હતી. તેથી શિક્ષક તેના ઉપર ગુસ્સે થયા ન હતા. તેણે તેને વર્ગમાં બેસાડ્યો. પછી તરતજ તેણે લેસન ધ્યાનપૂર્વક સાંભળ્યું હતું. તે શિક્ષકના શબ્દો હંમેશાં રસથી સાંભળે છે.

શબ્દો

to answer, જવાબ આપવો.	to rob, લુંટવું.
to steal, ચોરવું.	to finish, પૂરૂં કરવું.

ચિઠ્ઠી,	a note.	**સાંભળવું,**	to listen (to)
થાકી જવું,	to be tired.	પૂછવું,	to ask.
શેઠ	a master.	રસ, મજા,	interest.

III Future Perfect Tense—પૂર્ણ ભવિષ્યકાળ

૧. ભવિષ્યકાળ કયારે વપરાય છે તે તમે જાણો છો. વળી ચાલુ ભવિષ્યકાળ કયાં વપરાય તે પણ તમે આજ પાઠમાં શીખી ગયા છો. ત્યારે નીચે આપેલાં વાકયો કયા કાળમાં છે તે કહો:—

1. I shall walk four miles.
2. We shall be doing our lessons at that time.

ઉપરનાં વાકયોમાં પહેલું વાકય કયા કાળમાં છે? Future Tense માં. એ શું બતાવે છે?

બીજું વાકય કયા કાળમાં છે? Continuous Future Tense માં. એ શું બતાવે છે?

તેજ પ્રમાણે જ્યારે ભવિષ્યકાળમાં બે ક્રિયાઓ થવાની હોય ત્યારે જે ક્રિયા પહેલી પૂરી થઈ રહેશે એમ આપણે કહેવા માગતા હોઇએ તેને માટે **પૂર્ણ ભવિષ્યકાળ**—FUTURE PERFECT TENSE—વપરાય છે. જેમકે,

આગગાડી આવશે તે પહેલાં હું સ્ટેશને **પહોંચ્યો હોઈશ.**

આ વાકયમાં બે ક્રિયાઓ ભવિષ્યકાળમાં થવાની છે. કઈ કઈ?

(૧) આગગાડીને આવવાની અને (૨) મારે સ્ટેશને પહોંચવાની; અને આ બેમાંથી એક ક્રિયા બીજી ક્રિયાની પહેલાં થવાની છે. પહેલાં થવાની છે તે ક્રિયા કઈ છે? સ્ટેશને પહોંચવાની; માટે આ ક્રિયા બતાવનાર ક્રિયાપદને માટે Future Perfect Tense વાપરવો. જેમકે,

I SHALL HAVE REACHED the station before the train shall come.

નોંધ :—ક્રિયાપદના Future Perfect Tense નાં રૂપો કેમ બનાવાય તે ધ્યાનમાં રાખો. મૂખ્ય ક્રિયાપદનું Past Participle (ભૂત કૃદંત) નું રૂપ લ્યો. તેની આગળ to have નું ભવિષ્યકાળનું રૂપ (shall have અથવા will have) મૂકો એટલે પૂર્ણ ભવિષ્યકાળ—Future Perfect Tense બની જશે. જેમકે,

(To dine—Future Perfect Tense)

I shall have dined.	We shall have dined.
You will have dined.	You will have dined.
He / She / It } Will have dined.	They will have dined.

૨. નીચેનાં વાકયોમાં Future Perfect Tense વાપરવાનો છે. તે વાકયોમાં ખાલી રાખેલી જગ્યાએ ક્રિયાપદોનાં યોગ્ય રૂપો મૂકો અને આ વાકયો તમારી નોટમાં લખો.

(જરૂર છે ત્યાં મુખ્ય ક્રિયાપદ કૌંસમાં આપેલું છે.)

1. They will .... finished the work before we shall arrive.
2. You will have (to sing) .... the song before I shall return.
3. Mena will .... (to write) .... her lessons before you will come.
4. He ...... have sold his house before you think of buying it.
5. We .... have (pass) .... our examination before next Monday.
6. The Sun ...... have (to rise) ...... when you reach the hill.

૩. Translate into English:—

તમે આવશો તે પહેલાં અમે અમારા પાઠ લખી રહ્યા હશું.

તમે તમારા પાઠ લખી રહેશો તે પહેલાં હું આવ્યો હોઈશ. મારા બાપુ ઘેર આવશે તે પહેલાં મારી બેન ગા દોહી રહી હશે. તમે અમને પૈસા આપશો તે પહેલાં અમે ગયા હશું. તેઓ તેઓનું કામ પૂરૂં કરશે તે પહેલાં તું કારખાને પહોંચી ગયો હોઈશ. નાટક પૂરૂં થશે તે પહેલાં તો મારો નાનો ભાઈ ઊંઘી ગયો હશે. એક-વાગ્યા પહેલાં નાટક પૂરૂં થયું હશે. તમે ઘડિયાળને ચાવી આપશો ત્યાર પહેલાં તો તે બંધ પડી ગઈ હશે.

શબ્દો

to dine, જમવું.	to arrive, આવવું.
to milk, દોવું.	to reach, પહોંચવું.

કારખાનું, a factory.	નાટક, a drama, a play.
બંધ પડવું, to stop.	પૂરૂં થવું, to be over.

(નાની) ઘડિયાળને ચાવી આપવી, to wind up a watch.
(મોટી) „ „ „ to wind up a clock.

Verbs—Voice

૧. આપણે ગુજરાતીમાં એવાં વાકયો વાપરીએ છીએ કે જેમાં ક્રિયાનો કરનાર વાકયમાં Subject તરીકે આવે છે. જેમકે,

માબાપો તેમનાં બાળકોને ચાહે છે; માળી બાગમાં ફૂલ ઊગાડે છે, ઘોડો ઘાસ ખાય છે વગેરે. ગુજરાતીમાં આપણે, એવું કોઈપણ વાકય નથી વાપરતા કે જેમાં ક્રિયાના ખરા કરનારને બદલે ક્રિયાની સાથે કર્તાનો સંબંધ ન ધરાવનાર બીજું કોઈ Noun અથવા Pronoun ક્રિયાપદના Subject તરીકે મૂકાય.

પરંતુ અંગ્રેજીમાં કેટલાંક એવાં વાકયો છે કે જે બન્ને રીતે લખી શકાય છે; એટલે (૧) ક્રિયાના કરનારનું નામ Subject તરીકે વાપરીને વાકય લખી શકાય અને તેજ વાકય (૨) ક્રિયાની સાથે કર્તાનો સંબંધ ન ધરાવનાર કોઈપણ Noun અથવા Pronoun ને Subject તરીકે વાપરીને પણ લખી શકાય.

આ બે રીતોમાંથી પહેલી રીત તો તમે જાણો છો; હવે, આ પાઠમાં ઉપર બતાવેલી બીજી રીત વિશે વિચાર કરીએ.

૨. નીચે કેટલાંક વાકયો બન્ને રીતે લખેલાં છે તે જુઓ:—

1. The gardener grows flowers.
    1. Flowers ARE GROWN by the gardener.
2. The lion eats flesh.
    2. Flesh IS EATEN by the lion.

3. Farmers plough their fields.
   3. Their fields ARE PLOUGHED by farmers.

4. My parents love me.
   4. I AM LOVED by my parents.

5. He milks our cow.
   5. Our cow IS MILKED by HIM.

6. We see it daily from our window.
   6. It IS SEEN by US daily from our window.

ઉપર એક બીજાની સામે લખાયેલાં વાકયોમાં એકજ અર્થની એકજ વાત **બે રીતે** કહેવાઈ છે. જેમકે, પહેલા ડાબી બાજુના વાકયમાં " માળી ફૂલો ઉગાડે છે " અને તેનીજ સામેના વાકયમાં " માળીવડે ફૂલો ઉગાડાય છે " આમ કહેલું છે. જો કે ગુજરાતીમાં આપણે સાધારણ રીતે, ' માળીવડે ફૂલો ઉગાડાય છે ' એવું વાકય બોલતા નથી, પરંતુ અંગ્રેજીમાં તો આવી રીતનું વાકય વપરાય છે, માટે આ વાકયનું ગુજરાતી ભાષાંતર પણ એજ-પ્રમાણે કરવું.

ઉપર બાકી રહેલાં એક બીજાની સામે લખેલાં વાકયોનું ગુજરાતી ભાષાન્તર કરો.

હવે ડાબી બાજુનું પહેલું વાકય ફરીથી વાંચો.

આ વાકયમાં કઈ ક્રિયાની વાત થયેલી છે? (ફૂલો ઉગાડવાની) ફૂલો ઉગાડવાની ક્રિયાનો કરનાર કોણ છે ? (the gardener)

આ શબ્દ (the gardener) વાક્યમાં કેવી રીતે વપરાયો છે ? (Subject તરીકે) ત્યારે આવો Subject કે જે **ક્રિયાનો ખરો કરનાર છે** તેનો આપણે DOER SUBJECT ના નામથી ઓળખીશું. (Doer=કરનાર) આજ વાક્યમાં 'Flowers' શબ્દ કેવી રીતે વપરાયો છે ? (Object તરીકે) ત્યારે Object તરીકે આવનાર વસ્તુ અથવા માણુસ ક્રિયાનો કરનાર નજ હોઈ શકે એ તમે જાણો છો.

હવે જમણી બાજુનું પહેલું વાક્ય વાંચો.

આ વાક્યમાં Subject શું છે ?

આપણે હમણાંજ જોઈ ગયા કે 'Flowers' શબ્દ ક્રિયાનો કરનાર નથી છતાં એ શબ્દ આ વાક્યમાં Subject તરીકે વપરાયો છે.

ત્યારે ધ્યાનમાં રાખો કે **ક્રિયાનો કરનાર ન હોય** તેવા માણુસ કે વસ્તુનું નામ જો વાક્યમાં Subject તરીકે વપરાયું હોય તો તેને આપણે NON-DOER SUBJECT ના નામથી ઓળખીશું. (Non-Doer=ક્રિયાનો કરનાર ન હોય તે).

હવે જમણી બાજુનાં બાકીનાં વાક્યોમાં Subject ની નીચે લીટી દોરો.

આ બધા Subjects (ડાબી બાજુનાં) મૂળ વાક્યોમાં કેવી રીતે વપરાયા છે ?

આવા Subjects ને આપણે કયા નામથી ઓળખીએ છીએ ? ત્યારે યાદ રાખો કે મૂળ વાક્યમાં જે Object હોય તેજ બીજી રીતનાં વાક્યમાં Non-doer subject તરીકે વાપરી શકાય. (Object જો pronoun હોય તો તેને Nominative

case માં લખવું પડે છે; જેમકે, ચોથા વાકયમાં 'me' નું 'I' લખાયું છે.)

નોંધ :—ઉપરનાં ૭ વાકયોમાં ડાબી બાજુનાં Doer-Subjects વાળાં વાકયોનાં ક્રિયાપદો **મૂળભેદ** (Active Voice) નાં કહેવાય છે અને જમણી બાજુનાં Non-Doer Subjects વાળાં વાકયોનાં ક્રિયાપદો **સહભેદ** (Passive Voice) નાં કહેવાય છે.

૩. નીચેનાં વાકયો વાંચો અને તેમાં જે શબ્દો Non-doer subjects તરીકે વાપરી શકાય તેની નીચે લીટી દોરો:—

1. The cows eat grass.
2. The wood-cutter cuts the tree.
3. He walks fast.
4. Shanta is a good girl.
5. We recite our poems daily.
6. The teacher teaches English.

ઉપરનાં વાકયોમાંથી ક્યા વાકયોમાં Non-doer subject તરીકે વાપરી શકાય એવા શબ્દો નથી? શામાટે?

તમે જોશો કે વાકય નં. ૩ અને વાકય નં. ૪ માં Non-doer Subject માટે યોગ્ય શબ્દ નથી, કારણ કે તમે જાણો છો કે Object હોય તેજ Non-doer subject તરીકે વાપરી શકાય. આ વાકયોમાં આવેલાં Verbs બતાવો. તે કેવી જાતનાં છે?

નોંધ :—ત્યારે યાદ રાખો કે જે વાકયોમાં Transitive Verbs હોય તેજ વાકયોને Passive Voice માં મૂકી શકાય.

૪. હવે નં. ૨ માં આપેલાં ડાબી બાજુનાં વાકયોમાં the gardener, the lion વગેરે Subjects કેવી જાતના છે? (Doer Subjects).

આ doer Subjects વાળાં વાકયોનાં અને તેની સામે આપેલાં non-doer Subjects વાળાં વાકયોનાં Verbs સરખાવો તેમાનાં કેટલાંક વાકયોનાં Verbs નીચે લખ્યાં છે તે જુઓ:—

ACTIVE VOICE.	PASSIVE VOICE.
1. ...... grows	...... are grown ....
2. ...... eats	...... is eaten ....
3. ...... love	...... am loved ....

હવે Active Voice વાળાં વાકયોનાં Verbs કયા કાળમાં વપરાયાં છે?

Passive Voice વાળાં વાકયોમાં તે Verbs નું કયું રૂપ વપરાયું છે?

Passive Voice વાળાં વાકયોમાં બીજુ કયું Verb વપરાયું છે? કયા કાળમાં ?

નોંધ :—Active Voice માંથી Passive Voice બનાવતી વખતે નીચેની વાતો ધ્યાનમાં રાખવી:—

૧. મૂળક્રિયાપદનું ભૂતકૃદંતનું રૂપ લેવું.

૨. Auxiliary Verb તરીકે 'to be' લઇને ક્રિયાપદનો જે કાળ હોય તેજ કાળનું તેનું રૂપ મૂકવું.

૩. કર્તાની જગ્યાએ કર્મ મૂકવું અને કર્મની જગ્યાએ કર્તા મૂકી તેની આગળ 'by' preposition વાપરવું (Active Voice વાળા વાકયનો Subject, Passive Voice વાળા વાકયમાં આ Preposition ના Object તરીકે લખાય છે.)

૪. જો doer Subject pronoun હોય તો તે pronoun by પછી Objective Case માં લખાય છે. તમે જોયું કે ઉપરના નં. ૨ માં આવેલાં વાક્ય નં. ૫ અને ૬ માં he નું by HIM અને we નું by US લખાયું છે.

૫. નીચે Active Voice માં આપેલાં વાક્યોને Passive Voice માં કેવી રીતે લખ્યાં છે તે જુઓ:—

1. Good men speak the truth. (Active Voice.)
   The truth is spoken by good men. (Passive Voice.)

2. He loves us. (Active Voice.)
   We are loved by him. (Passive Voice.)

નીચે Active Voice વાળાં વાક્યો આપેલાં છે તેને ઉપર આપેલાં નિયમો મુજબ Passive Voice માં મૂકો:—

1. The cows eat grass.
2. The wood-cutter cuts the tree.
3. We recite our poems daily.
4. Good men speak the truth.
5. The teacher teaches English.
6. I obey my parents.
7. My friend calls me.
8. She cooks good food.
9. They ride horses.
10. The boys fly kites.
11. The river meets the sea.
12. He loves us.

૬. હવે આ પાઠની શરૂઆતમાં આપેલ નં. ૨ ના વાકયો નીચે PAST TENSE માં લખ્યાં છે તે જુઓ :—

ACTIVE VOICE

1. The gardener grew flowers.
2. The lion ate flesh.
3. Farmers ploughed their fields.
4. My parents loved me.
5. He milked our cow.
6. We saw it daily from our window.

PASSIVE VOICE

Flowers were grown by the gardener.
Flesh was eaten by the lion.
Their fields were ploughed by farmers.
I was loved by my parents.
Our cow was milked by him.
It was seen by us daily from our window.

ઉપરનાં વાકયોનાં ક્રિયાપદો તપાસશો તો તમને માલુમ પડશે કે Active Voice વાળાં વાકયોનાં ક્રિયાપદો Past tense માં લખાયાં છે તેથી Passive Voice વાળાં વાકયોમાં પણ Auxiliary Verb ' to be ' past tense માં લખાયું છે.

વાકયોને Passive Voice માં મૂકવા માટે જે નિયમો આપણે આગળ શીખી ગયા તે બધા ઉપરના વાકયોને લાગુ પડેલા છે? (હા.)

ઉપરના Passive Voice માં આપેલાં પહેલાં વાકયનો અર્થ 'માળીવડે ફૂલો ઉગાડાયાં' એમ થશે. બાકીનાં વાકયોનો અર્થ કરો.

૭. ઉપર નં. ૬ માં આપેલાં છેલ્લાં સાત વાકયો (૬ થી ૧૨) ફરીથી ભૂતકાળમાં લખો; અને તે ભૂતકાળમાં લખેલાં વાકયોને Passive Voice વાળાં વાકયો બનાવો.

૮. નીચેનાં વાકયોને Passive Voice વાળાં વાકયો બનાવી તમારી નોટમાં લખો:—

1. Rama broke Shiva's bow.
2. Babar defeated Ibrahim Lodi.
3. Razia Begum married a slave.
4. She sang a sweet song.
5. The teacher punished him.

૯. નીચે Active Voice વાળાં વાકયો આપ્યાં છે. તેની નીચે તેનાં Passive Voice વાળાં વાકયો આપેલાં છે. આમાનાં કેટલાંક નિયમ વિરૂદ્ધ અને ખોટાં છે; તેને સુધારીને ફરી લખો:—

ACTIVE VOICE

1. We tamed a dog.
2. I draw a picture.
3. Kanu threw a stone at the dog.
4. The girls place the books on the table.
5. We write sentences.
6. My uncle liked me.
7. I pushed them.

8. She knits a kerchief.
9. The dog bit her.
10. A mongoose kills a snake.

PASSIVE VOICE

1. A dog tamed by us.
2. A picture was drawn by I.
3. The dog threw a stone by Kanu.
4. The table is placed on the girls by the books.
5. Sentences is written by us.
6. Me was liked by my uncle.
7. They were pushed by me.
8. A kerchief is knit by her.
9. She was bitten by a dog.
10. A snake is killed by a mongoose.

૧૦. આપણે જે વાક્યોને વર્તમાન કાળમાંથી ભૂતકાળમાં ફેરવ્યાં હતાં તેજ નં.–૭ માં આપેલાં વાક્યોને હવે FUTURE TENSE માં ફેરવો :—

ACTIVE VOICE

1. The gardener will grow flowers.
2. The lion will eat flesh.
3. Farmers will plough their fields.
4. My parents will love me.
5. He will milk our cow.
6. We shall see it daily from our window.

PASSIVE VOICE

1. Flowers will be grown by the gardener.
2. Flesh will be eaten by the lion.
3. Their fields will be ploughed by farmers.
4. I shall be loved by my parents
5. Our cow will be milked by him.
6. It will be seen by us daily from our window.

તમે જોયું હશે કે Future Tense માં Active Voice વાળાં વાક્યોને Passive Voice માં મૂકતી વખતે સહાયકારી ક્રિયાપદ ' to be ' નાં ભવિષ્યકાળનાં રૂપ લેવાં જોઇએ. વાક્ય નં. ૪ માં will માંથી (Passive Voice માં) shall થઈ ગયું અને વાક્ય નં. ૬ માં shall માંથી (Passive Voice માં) will થયું તે પણ તમે જોયું હશે.

આ ફેરફારોનાં કારણો આપો.

૧૧. નીચેનાં વાક્યોને Passive Voice માં મૂકો :—

1. Manu will bring a toy.
2. My reading will please the teacher.
3. The police will arrest him.
4. I shall cut down that branch.
5. We shall play a match to-day.
6. You will score many runs in that match.
7. Raman will make a kite.
8. Every one will love little Mina.

૧૨. Translate into English :—

અમારાથી આ પાઠ વંચાય છે. તારાથી તે વંચાય છે? મારાથી તે વંચાયો હતો. કુમુદથી તે આજે વંચાશે નહીં. કુસુમથી દડો ફેંકાયો હતો. આજે સરલાથી દડો ફેંકાશે. મારાથી છાપું વંચાશે. તેનાથી પાઠ વંચાશે નહીં. અમારા શિક્ષકથી આ દાખલો થયો હતો. નિયમિત કસરતથી તબીયત સુધરે છે.

શબ્દો

to defeat,	હરાવવું.	a wood-cutter,	કઠિયારો.
to tame,	પાળવું.	a bow,	ધનુષ્ય
to push,	ધક્કો મારવો.	a mongoose,	નોળિયો
to arrest,	પકડવું.	a poem,	કાવ્ય.
to improve,	સુધરવું.	reading,	વાંચન.
to recite,	બોલી જવું, ગાઇ બતાવવું.	regular,	નિયમિત.

———:0:———

LESSON 12

Adjectives

૧. તમે જાણોછો કે વિશેષણ, જે નામની સાથે તે વપરાયું હોય તે નામના અર્થમાં કંઇક વધારો કરે છે. વળી કોઈપણ નામના Kind, size, colour, shape, taste વગેરે બતાવવા માટે જુદાં જુદાં adjectives વપરાય છે તે પણ તમે જાણોછો.

નીચેનાં વાકયો જુઓ :—

1. The rose is a SWEET flower.
2. This is a BIG house.
3. The leaves of a tree are GREEN.
4. That is a SQUARE field.
5. This medicine is very BITTER.

આ વાકયોમાં મોટા અક્ષરે છાપેલાં વિશેષણો કયાં કયાં નામો સાથે સંબંધ ધરાવે છે ?

એ નામો માટે એ વિશેષણો શું કહે છે ?

એ વિશેષણો જે નામોની સાથે સંબંધ ધરાવે છે તે નામોના અર્થમાં તે કંઈક વધારો કરે છે અને તે નામોનો **ગુણ** (QUALITY) બતાવે છે. આવાં વિશેષણો **ગુણવાચક વિશેષણ**— ADJECTIVES OF QUALITY કહેવાય છે.

૨. નીચે કૌંસમાં આપેલાં Adjectives માંથી યોગ્ય Adjectives પસંદ કરીને તેને નીચેનાં વાકયોમાં ખાલી રાખેલી જગ્યાએ મૂકો : —

(honest, small, sweet, blue, round, white.)

1. I like a .... mango.
2. An .... boy is praised by the teacher.
3. This .... bag belongs to my sister.
4. A bicycle has two .... wheels.
5. We often see a ...... cloud in the ...... sky.

૩. ઉપર આપેલાં વિશેષણોને આપણે Adjectives of Quality કહ્યાં કારણ કે તે જે નામોની સાથે સંબંધ ધરાવે છે તે નામોનો તે ગુણ બતાવે છે.

હવે નીચેનાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલાં વિશેષણો જે નામની સાથે તે સંબંધ ધરાવે છે તે નામને વીશે તે શું કહે છે તે જુઓ:—

1. I wanted MUCH water.
2. He gave me SOME Milk.
3. He drank LITTLE milk.
4. He spent the WHOLE amount.

પહેલા વાકયમાં તેને કેટલું પાણી જોઈતું હતું ? much—ઘણું.
બીજા વાકયમાં તેણે મને કેટલું દુધ આપ્યું ? some - થોડુંક.
ત્રીજા વાકયમાં તેણે કેટલું દુધ પીધું ? little-તદ્દન થોડું, નહીં જેવું.
ચોથા વાકયમાં તેણે કેટલી રકમ વાપરી ? whole—પૂરેપૂરી, સઘળી.

આ વાકયોમાં much, some, little અને whole, જે નામોની સાથે તે સંબંધ ધરાવે છે તે નામોનું પ્રમાણ અથવા સમુચ્ચય—Quantity બતાવે છે. ત્યારે જે વિશેષણો

પોતાના વિશેષ્યનું પ્રમાણ કે સમુચ્ચય બતાવતા હોય ત
સમુચ્ચય વાચક વિશેષણ—ADJECTIVES OF QUANTITY કહેવાય છે.

ઉપર આપ્યાં છે તે ઉપરાંત પણ કેટલાંક Adjectives of Quantity નીચેનાં વાકયોમાં મોટા અક્ષરે છાપ્યાં છે તે જુઓ અને તે દરેકનો અર્થ ધ્યાનમાં રાખોઃ—

1. He lost ALL (સઘળા) his money.
2. He did not drink ANY (કંઈ પણ) milk.

૪. તમે જાણોછો કે one, two, three વગેરે અને some a few, many, all,—આ બધા શબ્દો વિશેષણો જ છે હવે નીચેનાં વાકયો વાંચો :—

1. I saw TWO boys in the class.
2. Only ONE dog is going there.
3. There are MANY boys in my school.
4. There are SOME girls in his school.

ઉપરનાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલાં વિશેષણો પોતાન વિશેષ્યના અર્થમાં વધારો કરે છે તે તમે જાણો છો. મેં વર્ગમ કેટલા છોકરા જોયા ? બે. આ ‘ બે ’ શબ્દ એ છોકરાઓન સંબંધમાં શું બતાવે છે ? **સંખ્યા.**

તેજ પ્રમાણે બીજા, ત્રીજા અને ચોથા વાકયોમાં આવેલ વિશેષણો પોતાના વિશેષ્યની સંખ્યા બતાવે છે. માટે આવ વિશેષણો **સંખ્યાવાચક વિશેષણ**—ADJECTIVES OF NUMBER અથવા NUMERICAL ADJECTIVES કહેવાય છે.

નોંધ :—Adjectives of Number હંમેશાં જે નામો ગણી શકાય એટલે જે નામોની સંખ્યા બતાવી શકાય (Common અને Collective Nouns) તેની જ સાથે વપરાય છે.

૫. નીચેનાં વાકયો વાંચો :—

1. THIS boy is my teacher's son.
2. THAT girl is my sister's friend.
3. THESE balls are not new.
4. THOSE bats are quite new.

આ વાકયોમાં મોટા અક્ષરે છાપેલા શબ્દો તેની પાછળ આવતાં નામોની સાથે સંબંધ ધરાવે છે. જેમકે કયો છોકરો ? This boy. કઈ છોકરી ? That girl, વગેરે; અને વળી આ શબ્દો તેની પાછળ આવતા નામોને બતાવે છે માટે તે **દર્શક વિશેષણ**—Demonstrative ADJECTIVES કહેવાય છે.

This નું બહુવચન these થાય છે અને that નું બહુવચન those થાય છે, તે ધ્યાનમાં રાખો.

Demonstrative Adjectives હંમેશાં Which ? સવાલનો જવાબ આપે છે; જેમકે, Which boy ? This boy. Which bats ? Those bats, વગેરે,

૬. નીચેનાં વાકયોમાં આવેલાં વિશેષણોની નીચે લીટી દોરો:—

1. Sushila is a clever girl.
2. She gave me many fruits.
3. That girl is Saguna.
4. She has a red rose in her hand.

5. Her brother Natu is ten years old.
6. Those boys are his friends.
7. They play interesting games.
8. They drink much milk.
9. They take sufficient exercise.
10. Sunday is the first day of the week.
11. In this town, few men are rich.
12. This new coat was sold by a foolish man.

૭. તમારી નોટમાં નીચે આપ્યો છે તેવો કોઠો દોરો અને ઉપરનાં વાક્યોમાં આવેલાં Adjectives ને તે કોઠામાં યોગ્ય જગ્યાએ મૂકો :—

Adjectives of *Quality*	Adjectives of *Quantity*	Adjectives of *Number*	*Demonstrative* Adjectives

૮. Translate into English:—

તે શહેરની પાસે એક બેટ છે. તે તમે જોયો છે? તે ઘણો સુંદર છે. તેની બધી બાજુ દરિયાના પાણીનાં મોજાં જોવામાં આવે છે. તે બેટ ઉપર બે મંદિરો છે. તેમાં કેટલાક માણુસો પૂજા કરે છે. પેલા માણુસના હાથમાં ઘણાં ફૂલો છે. તે પેલા ગરીબ માણુસને થોડું દુધ આપે છે. તે માણુસ બહુ દુધ પીએ છે. ત્યાં આવા વીસ ગરીબ માણુસો રહે છે. તેમાંના કેટલાક બહુ વૃદ્ધ છે. આપણે આવા ગરીબ માણુસોને મદદ કરવી જોઇએ.

શબ્દો

often,	ઘણી વખત.	amount,	રકમ.
interesting,	રસિક, મજા આવે એવી.	sufficient,	પૂરતી.

આવા,	such.	બેટ,	an island.
મૂર્ખ,	foolish.	બાજુ,	a side.
મદદ કરવી,	to help.	મોજું,	a wave.
પૂજા કરવી,	to worship.	મંદિર,	a temple.

Pronouns

I Relative Pronouns

૧. Personal Pronouns અને Interrogative Pronouns વિશે તમે શીખી ગયા છો. નીચેનાં વાકયોમાં Personal Pronouns બતાવો અને Interrogative Pronounsની નીચે લીટી દોરો:—

1. I shall go to Surat on Monday.
2. They left this place in the morning.
3. Who wishes to see me ?
4. Which is your house ?

ઉપરનાં વાકયોમાં તમે જે સર્વનામોની નીચે લીટી દોરી છે તે બધાં સર્વનામો પ્રશ્ન પૂછવા માટે વપરાયાં છે તે તમે જાણો છો. હવે આ જાતનાં સર્વનામોનો એક બીજો પણ ઉપયોગ થાય છે તે આપણે જોઇએ. નીચેનાં વાકયો વાંચો અને એ વાકયોમાં આ સર્વનામોનો કેવીરીતે ઉપયોગ થયો છે તે જુઓ :—

1. I met the boy WHO wrote that letter.
2. I saw the house WHICH belongs to Madhukar.

ઉપરનાં દરેક વાકયમાં તમને બબ્બે વાકયો આવેલાં માલમ પડશે. જેમકે,

વાકય નં.-૧ માં I met a boy અને
The boy worte that letter.

વાક્ય નં.-૨ માં I saw the house અને
The house belongs to Madhukar.

હવે પહેલા વાકયમાં who આવેલું છે તે એ વાકયમાં શું કામ કરે છે ? તે પહેલા વાકયમાં boy ને ઓળખાવે છે. હું કયા છોકરાને મળ્યો ? (the boy) WHO wrote the letter. એટલે આ આખું વાકય boy ના વિશેષણ તરીકે વપરાય છે. તેજ પ્રમાણે બીજા વાકયમાં which શું કામ કરે છે ? તે ઘણાં ઘરોમાંથી એકજ ઘરની ઓળખાણ આપે છે. મેં કયું ઘર જોયું ? (the house) WHICH belongs to Madhukar આ આખું વાકય house ના વિશેષણ તરીકે વપરાયું છે.

નોંધ :—who અને which થી શરૂ થતાં જે વાકયો આપણે અહીં વાંચ્યાં તે સ્વતંત્ર વાકયો નથી; boy અને house ના વિશેષણો તરીકે વપરાયેલાં ઉપવાકયો છે.

ઉપરમાં વાકયોમાં વાકય નં. ૧ માં who તેની આગળ આવી ગયેલ boy ની સાથે સંબંધ રાખે છે અને વાકય નં. ૨ માં which તેની આગળ આવી ગયેલ house ની સાથે સંબંધ રાખે છે. વળી તમે જાણો છો કે Pronoun કોઈપણ Noun ને બદલે વપરાવું જોઇએ. ત્યારે આ જાતનાં Pronouns **સંબંધી સર્વનામ**—RELATIVE PRONOUN કહેવાય છે.

જે નામને બદલે આ who અથવા which વપરાયું હોય તે હંમેશાં who અથવા which ની **પૂર્વે** મૂકાય છે; માટે આ નામને ANTECEDENT (આગળ જનાર) કહેવાય છે.

૩. Relative Pronoun ની cases નીચે આપેલ છે તે ધ્યાનમાં રાખો :—

CASE	Singular and Plural	Singular and Plural
	Masculine, Feminine and Common	Neuter
Nominative	Who	Which
Objective	Whom	Which
Possessive	Whose	Whose, of which

૪. નીચેનાં વાકયોમાં Relative Pronouns અને તેના Antecedents બતાવો: —

1. Kusum is a girl who works hard.
2. This is a boy whom all praise.
3. We like a man who is kind to us
4. This is a book which is very costly.
5. I found the ball which you had lost.
6. This is the child whose mother is dead.
7. Is it a dagger which you hold in your hand?
8. He will repair the pen which does not give good work.

૫. નીચે કોઠો આપ્યો છે તે જુઓ અને ઉપર આપેલાં વાકયોમાંથી જરૂરના શબ્દો તે કોઠાના ખાનાઓમાં યોગ્ય જગ્યાએ મૂકો:—

(Relative Pronoun નાં number અને gender હંમેશાં તેના antecedent નાં number અને gender પ્રમાણે હોય છે.)

Antecedent	Relative Pronoun	Case	Number	Gender

૬. નીચેનાં વાક્યોમાં ખાલી રાખેલી જગ્યાઓમાં યોગ્ય Relative Pronouns મૂકો :—

1. These are the toys .... I brought from the fair.
2. This is a girl .... is very clever.
3. A child .... parents are dead is an orphan.
4. Do you know the boy .... he wants ?

5. This is the ground .... was selected by our captain.

૭. નીચેનાં વાકયોમાંથી Relative pronouns લઈ લેવામાં આવ્યાં છે. તેને માટેની યોગ્ય જગ્યા શોધી કાઢી તેને તે જગ્યાએ મૂકી આ વાકયો તમારી નોટમાં લખો:—

1. Give me the book he gave you this morning.
2. The boy you teach is very clever.
3. This is the horse ran in the race.
4. Did you know the man I had sent for ?
5. He lost the box of clothes I had brought.

૮. નીચેનાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલાં Personal pronouns ને બદલે Relative Pronouns મૂકી એ વાકયો તમારી નોટમાં ફરી લખો:—

1. This is the book; my friend brought IT.
2. This is the man; I bought HIS house.
3. This is the boy; HE lost his bag.
4. These are the trees; THEIR leaves have fallen.
5. Look at the boys; the teacher punished THEM.

નોંધ:—ઘણી વખત that ને who, whom કે which ના અર્થમાં વાપરવામાં આવે છે. જેમકે,

1. This is the book THAT my friend brought.
2. The horse THAT brought me here was lame.

૯. Translate into English:—

જે છોકરો કાલે ઘેર ગયો હતો તે આ છોકરો છે. જે શિક્ષક અમને અંગ્રેજી શીખવે છે તે આ રહ્યા. (Here is the teacher.........) જે પુસ્તક તેં ગઈ કાલે લીધું તે તને ગમ્યું ? જે પુસ્તકોમાં કવિતાઓ હોય છે તે મને હંમેશાં ગમે છે. જે ઘોડાપર તું આજે બેઠો હતો તે કોનો ઘોડો હતો ? તે ઘોડો મારા મિત્રનો હતો. તારા મિત્ર કયાં રહે છે ? તે પહેલાં કલકત્તામાં રહેતા હતા. પરંતુ હવે તેમણે કલકત્તા કાયમ માટે છોડયું છે. હવે તેઓ મુંબઈ કે જે તેમનું જન્મસ્થાન છે ત્યાં રહેવા ગયા છે..

શબ્દો

costly,	મોંઘું.	to hold,	પકડવું.
a dagger,	ખંજર.	to repair,	સમું કરવું.
ground,	જમીન.	to see,	મળવું.
an orphan,	માબાપ વગરનું બાળક.	to select,	પસંદ કરવું.

શિક્ષા કરવી,	to punish.	જન્મસ્થાન,	a place of birth..
છોડવું,	to leave.	બોલાવવું,	to call.
કાયમ માટે,	for ever.		to send for.

II Demonstrative Pronouns

૧. નીચેનાં વાકયો વાંચો :—

1. There are two books on the table.
2. THIS is my book and THAT is your book..

3. Both the books are good; but THIS is better than THAT.

અહીં પહેલા વાકયમાં મેં બે પુસ્તકો વિશે વાત કરી. બીજા વાકયમાં તે બન્ને પુસ્તકો **બતાવીને** મેં કહ્યું કે **આ** મારૂં પુસ્તક છે અને **તે** તમારૂં છે. તેજ પ્રમાણે ત્રીજા વાકયમાં મેં કહ્યું કે બન્ને પુસ્તકો સારાં છે પરંતુ તેને બતાવીને કહ્યું કે તે બેમાંથી **આ** પુસ્તક **પેલા** પુસ્તક કરતાં વધારે સારૂં છે. વળી તમે જાણોછો કે દરેક વખતે book શબ્દ વાપરવાને બદલે this અને that વાપરવામાં આવ્યા છે; એટલે તે શબ્દો book ને માટે વપરાયા છે. તે શું કહેવાય ?

જો કોઇપણ Pronoun, તેની આગળ આવી ગયેલા કોઈપણ Noun ને ખાસ બતાવતું હોય અને તે નામને માટે વપરાયું હોય તો તે **દર્શક સર્વનામ**–DEMONSTRATIVE PRONOUN કહેવાય છે અને આ નામ કે જે આગળ આવી ગયું હોય અને જેને આ Pronoun ખાસ બતાવે છે તે ANTECEDENT (આગળ જનાર) કહેવાય છે.

નીચે કેટલાંક મુખ્ય Demonstrative Pronouns આપેલાં છે તે ધ્યાનમાં રાખોઃ—

This, that, these, those; one, ones, none.

૨. THIS, THAT, THESE, THOSE.

આપણે વિશેષણોના પાઠમાં જોઈ ગયા કે આ શબ્દો Demonstrative Adjectives છે. ત્યારે Demonstrative Adjectives અને Demonstrative Pronouns વચ્ચે ભેદ શો ?

જ્યારે આ શબ્દો કોઇપણ નામની સાથે સંબંધ બતાવીને તેના અર્થમાં વધારો કરતા હોય ત્યારે તેને Demonstrative Adjectives કહેવાય; જેમકે, THIS book is mine; THOSE pens are his. પરંતુ જ્યારે આ શબ્દો કોઈપણ **નામને બદલે** વપરાયા હોય ત્યારે તેને Demonstrative Pronouns કહેવાય; જેમકે,

THIS is a present from my brother.

THOSE were the days of joy.

જ્યારે આગળના વાકયમાં બે Nouns વિશે વાત થઇ ગઇ હોય ત્યારે જે નામ પાછળ આવેલું હોય તેને માટે બીજા વાકયમાં THIS વપરાય છે અને જે નામ પહેલાં આવેલું હોય તેને માટે બીજા વાકયમાં THAT વપરાય છે. જેમકે,

The cat and the dog are good animals; THIS (dog), perhaps, is better than THAT (cat).

નોંધ :—This નું બહુવચન these થાય છે અને that નું બહુવચન those થાય છે તે ધ્યાનમાં રાખો.

૩. નીચેનાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલા શબ્દો Demonstrative Adjectives છે કે Demonstrative Pronouns છે તે કહો:—

1. THIS boy is my brother's friend.
2. Money and health are both good; but THIS is better than THAT.
3. What was THAT noise ?

4. The pupils of THIS school are not like THOSE of THAT school.
5. The rivers of America are larger than THOSE of Europe.
6. Will you ride THIS horse or THAT ?
7. You say THIS and he says THAT; who is right ?
8. Bring THAT book and return THIS to the librarian.
9. The climate of Poona is like THAT of Belgaum.
10. The streets of Bombay are better than THOSE of Ahmedabad.

૪. ONE, ONES, NONE.

'one' સંખ્યાવાચક વિશેષણ છે એ તમે જાણો છો. હવે નીચેનાં વાક્યો વાંચો : —

1. There are two caps on the table; the black ONE is mine and the white ONE is Yours.
2. I like that white flower better than that red ONE.

તમે જોયું કે ઉપરના પહેલા વાક્યમાં one શબ્દ બન્ને વખત ટેબલ ઉપર પડેલી જુદી જુદી ટોપીને માટે વપરાયો છે; અને બીજા વાક્યમાં પણ one શબ્દ તેજ વાક્યમાં આવી ગયેલ Flower ને માટે વપરાયો છે. આવી રીતે વપરાયેલ ONE દર્શક સર્વનામ હોય છે.

One નું બહુવચન ONES થાય છે. જેમકે,

I like white flowers better than red ONES.

વળી NONE પણ one નું જ નકારવાચક રૂપ છે; NONE એટલે NOT ONE. જેમકે,

I have a flower; you have NONE.

(You have none એટલે you have no flower.)

૫. નીચેનાં વાકયોમાં ખાલી રાખેલી જગ્યામાં યોગ્ય Demonstrative Pronouns મૂકો: —

1. You see two pens; the white ...... is mine and the black .... is yours.
2. He got a prize this year; but he might not get .... next year.
3. There are four new cars and six old .... in the garage.
4. You have a bicycle, but I have. ....

૬. Translate into English:—

એ બે પુસ્તકોમાંથી તમે પેલું લ્યો. મારી વાડીમાં બે વૃક્ષો છે તેમાંથી આ બહુ મોટું છે. તારી વાડીમાં એકપણ મોટું વૃક્ષ નથી.

તું આ પાંજરૂં જો અને હું પેલું જોઈશ. એ પાંજરામાં કેટલા સિંહ છે? આ પાંજરામાં ત્રણ સિંહ છે. એ કેવા ખુબસુરત લાગે છે! જો, પેલા પાંજરામાં એક વાઘ છે. તે કેવો ભયંકર લાગે છે! મને તેની બીક લાગે છે.

શબ્દો

a present,	ભેટ.	right,	સાચો.
a prize,	ઈનામ.	climate,	હવાપાણી.
a garage,	મોટર રાખવાની જગ્યા.	next year,	આવતું વર્ષ.
a librarian	પુસ્તકાલયના ઉપરી.	last year,	ગયું વર્ષ.

ખુબસુરત,	handsome.	પાંજરું,	a cage.
ભયંકર,	terrible.	બીક લાગવી,	to be afraid (of).

LESSON 14

Adverbs

૧. Adverbs વિશે તમે કેટલુંક જાણો છો. ચાલો, તેનું પુનરાવર્તન કરી લઇએ. તમે કેટલી જાતનાં Adverbs વિશે શીખી ગયા ?

(1. Adverbs of Manner; 2. Adverbs of Place; 3. Adverbs of Time.)

નીચેનાં વાકયોમાં આવેલાં Adverbs ની નીચે લીટી દોરો અને તે કઈ જાતનાં છે તે કહો :—

1. Ramesh reads clearly.
2. He shall now begin to read.
3. You should stand here.
4. We have heard him before.
5. Walk quickly.
6. Balu, go inside.

૨. હવે આપણે કેટલાંક બીજાં Adverbs વિશે વિચાર કરીએ. નીચેનાં વાકયો વાંચો અને તેમાં મોટા અક્ષરે છાપેલા શબ્દો જુઓ :—

1. HOW does Ramesh read ?
2. WHEN shall he begin to read ?
3. WHERE should I stand ?

વાકય નં.–૧ માં આવેલું ' how ' પ્રશ્ન પૂછે છે. રમેશ **કેવી રીતે** વાંચે છે ? તમે જવાબ આપશો કે Ramesh reads clearly. તેજ પ્રમાણે વાકય નં. ૨ અને ૩ માં આવેલાં Adverbs પ્રશ્નો પૂછે છે. " તે વાંચવાનું **કયારે** (when?) શરૂ કરશે ?" અને " મારે **કયાં** (where ?) ઉભા રહેવું જોઇએ ? "

આવી જાતનાં પ્રશ્ન પૂછનારાં Adverbs INTERROGATIVE ADVERBS કહેવાય છે.

જેમ How ? Where ? અને When ? Interrogative Adverbs છે તેજ પ્રમાણે WHY ? પણ Interrogative Adverb છે તે ધ્યાનમાં રાખો. જેમકે, WHY do you go there ?

૩. ઘણી વખત કેટલાક શબ્દસમૂહો—Phrases—માટે એકજ Adverb વાપરી શકાય છે. જેમકે,

PHRASES	ADVERBS	KIND
In every place In all places	everywhere	Adverbs of Place
In no place	nowhere	
In some place	somewhere	
In some other place	elsewhere	
For one time	once	Adverbs of Time
For two times	twice	
For three times	thrice	
For some times	sometimes	
For many times	manytimes	
For all times	always	
For not even one time	never	

નીચે આપેલાં Phrases ને બદલે એકજ Adverb મૂકો:—

PHRASES	ABVERBS	KIND
In a poor manner	Poorly	Adverbs of Manner
In a careful manner	....	
In a slow manner	....	
In a nice manner	....	
In a foolish manner	....	
In a quiet manner	....	

૪. તમે જાણો છો કે સાધારણ રીતે Adjective ને 'ly' લગાડવાથી Adverb of Manner બને છે. પરંતુ કેટલાંક વિશેષણો કંઇપણ ફેરફાર વગર જ Adverbs તરીકે વપરાય છે. આવે વખતે એ શબ્દો Adjective તરીકે વપરાયાં છે કે Adverb તરીકે વપરાયાં છે તે કેવી રીતે ખબર પડે?

નીચેનાં વાકયો વાંચો:—

1. Abdul has a LOUD voice.
2. This is a HARD task.
3. He is a FAST runner.

આ વાકયોમાં મોટા અક્ષરે છાપેલા શબ્દો Adjectives છે કે Adverb? Adjectives. શા માટે?

હવે નીચેનાં વાકયો વાંચો:—

1. Abdul talks so LOUD.

2. This boy works HARD.
3. Why do you walk FAST ?

ઉપરનાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલા શબ્દોનો વિચાર કરશો તો જણાશે કે એ શબ્દો એ વાકયોમાં બતાવેલી ક્રિયા કેમ થઈ છે તે બતાવે છે. જેમકે,

HOW does Abdul talk ?
He talks so LOUD.

તેજ પ્રમાણે બીજાં બે વાકયો માટે આવી જાતના પ્રશ્નો પૂછવાથી આ પ્રમાણે જવાબ મળશે. ત્યારે આ વાકયોમાં મોટા અક્ષરે છાપેલા શબ્દો–loud, hard અને fast–ADVERBS છે.

નોંધ :—જ્યારે આવા શબ્દો નામના અર્થમાં વધારો કરે ત્યારે તેને Adjectives ગણવાં જોઇએ અને જ્યારે તે શબ્દો ક્રિયા કેમ થઈ તે બતાવતા હોય ત્યારે તેને Adverbs ગણવા જોઇએ.

૫. નીચેના વાકયોમાં Adverbs ની નીચે લીટી દોરો અને આ વાકયોની નીચે કોઠો આપ્યો છે તેવો કોઠો તમારી નોટમાં દોરી એ Adverbs ને તે કોઠામાં યોગ્ય જગ્યાએ મૂકો:—

1. He always goes to school at 10 o'clock.
2. Why do you do this ?
3. Saigal sings sweetly.
4. Devikarani acts nicely.
5. Why don't you come near ?
6. I was much pleased to hear him.
7. I shall do it afterwards.
8. When did you see her acting ?

9. I saw it here.
10. She never acts badly and many times sings well.
11. I shall see her now.
12. His dog goes after him everywhere.
13. The child sleeps soundly.
14. He was formerly a good boy.
15. She sometimes smiles in that manner.

Adverbs of Manner	Adverbs of Place	Adverbs of Time	Interrogative Adverbs

૬. Translate into English:—

એક વખત અમે ટેકરીઓમાં ફરવા ગયા હતા. આ ટેકરીઓ અમારા શહેરની પાસેજ હતી. તે વખતે સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. ત્યાં અમે એક સુંદર ગીત સાંભળ્યું. અમે તરતજ ઉભા રહ્યા. એ અવાજ અમારી ડાબી બાજુએથી આવતો હતો. અમે એ દિશામાં ફર્યા અને આગળ ચાલ્યા. અમે ત્યાં કોઇને જોઇ શકયા નહીં. અમે ફરીથી જોયું. એક માણુસ હાથમાં વાજીંત્ર રાખીને ગાતો હતો. અમે તેની પાસે ગયા. તેણે ગાવાનું ચાલુ રાખ્યું. થોડીવાર પછી તેણે ગાવાનું બંધ કર્યું અને ત્યાંથી ચાલ્યો ગયો. આ માણુસ ત્યાં ઘણીવાર આવે છે, અને કયારેક આખી રાત સુધી ત્યાંજ રહે છે.

formerly, before,	પહેલાં.	somewhere,	કયાંક.
		elsewhere,	બીજે કયાંક.
many times,	ઘણીવાર.	a task,	કાર્ય.
sometimes,	કયારેક.	acting,	અભિનય.
never,	કદી નહી.	hard,	સખત.
illness.	માંદગી.	to act,	અભિનય કરવો.
soundly,	ઘસઘસાટ.	to continue,	ચાલુ રાખવું.

એક વખત,	once upon a time.	વાજીંત્ર,	a musical instrument.
ટેકરી,	a hill.	સંગીત,	music.
અંધારૂં,	darkness,	તરતજ,	at once.
દિશા,	a direction.	ચારેબાજુ,	on all sides.
આગળ,	forward,	ગીત,	a song.
ફરીથી,	again.	બંધ કરવું,	to stop.

અમારી ડાબી બાજુએથી, from our left.

આથમવાની તૈયારીમાં હતો, was on the point of setting.

LESSON 15

Prepositions

Prepositions ના ઉપયોગ વિશે તમે શીખી ગયા છો. વળી આજ પુસ્તકના છઠ્ઠા પાઠમાં તમે કેટલાંક Prepositions નો ઉપયોગ શીખી ગયા. હવે આપણે કેટલાંક બીજાં બહુ ઉપયોગનાં Prepositions વિશે વિચાર કરીએ.

૧. TO.

નીચેનાં વાકયોમાં 'to' નો ઉપયોગ જુઓઃ —

1. He goes TO school daily.
2. Take this boy TO the teacher.
3. Come TO me.

ઉપરનાં વાકયોમાં goes, take અને come ક્રિયાપદો ગતિ બતાવે છે. આવાં ગતિ બતાવનારાં ક્રિયાપદો સાથે **જયાં** ગતિ થતી હોય તે નામની આગળ to મુકાય છે.

૨. AT, IN.

નીચેનાં વાકયો વાંચો અને તેમાં આવેલાં at અને in Prepositions નો ઉપયોગ જુઓઃ—

1. Look AT me.
2. He is not AT home.
3. He was standing AT a shop.
4. She lives IN Bombay.
5. The Headmaster sits IN his office.

At નો ગુજરાતી અર્થ તરફ–માં–પાસે–આગળ થાય છે અને in નો અર્થ 'માં' થાય છે તે ધ્યાનમાં રાખો.

૩. IN, INTO.

નીચેનાં વાકયો વાંચો અને તેમાં આવેલાં in અને into નો ઉપયોગ જુઓ:—

1. The Headmaster sits IN his office. He went INTO the class just now. He will remain IN it for some time.
2. You were standing IN the water of the sea. A bird fell INTO it. It cannot swim IN the water. It cannot live IN it.

એકજ જગ્યામાં ગતિ કે સ્થિતિ બતાવવી હોય તો IN વપરાય છે પરંતુ એક જગ્યાએથી બીજી જગ્યાએ ગતિ બતાવવી હોય તો INTO વપરાય છે.

૪. નીચેનાં વાકયોમાં ખાલી રાખેલી જગ્યાએ to, at, in, અથવા into યોગ્ય રીતે મૂકો:—

Will you come ...... the class? You will find many boys sitting ...... it. They look ...... the door. The teacher comes ...... the class. He goes ...... them. He sees their home-work ...... their notebooks. Mohan had not done his work ...... notebook. The teacher asked him to go ...... the Headmaster's office and stand ...... the door.

૫. FROM, OUT OF.

નીચેનાં વાકયો વાંચો અને તેમાં આવેલાં from અને out of નો ઉપયોગ જુઓ: —

1. Do you come FROM Bombay ?
2. He comes FROM that building,
3. The teacher comes OUT OF the class.

તમે મુંબઈ**થી** આવે છો? તે પેલા મકાન**માંથી** આવેછે આ પ્રમાણે થી-માંથી બતાવવા માટે FROM વપરાય છે પરંતુ અંદરથી બહારગતિ અથવા ક્રિયા બતાવવી હોય ત્યારે OUT OF વપરાય છે.

૬. BEFORE, AFTER.

નીચેનાં વાકયો વાંચો અને તેની અંદર આવેલાં before અને after નો ઉપયોગ જુઓ:—

1. I shall come BEFORE six o'clock.
2. He reached that place BEFORE me.
3. Don't come AFTER seven.
4. I went there AFTER him.

જેની **પહેલાં** કોઈપણ ક્રિયા થાય તેની આગળ BEFORE અને જેની **પછી** કોઈ પણ ક્રિયા થાય તેની આગળ AFTER મૂકાય છે.

જેમકે, છ વાગ્યા પહેલાં—before six o'clock,
ચાર વાગ્યા પછી—after four o'clock, વગેરે.

નોંધ:—Before નો અર્થ આગળ-સામે પણ થાય છે. જેમકે, He sat BEFORE me.

૭. નીચેના વાકયોમાં ખાલી રાખેલી જગ્યાએ from, out of, before અથવા after યોગ્ય રીતે મૂકો:—

The Headmaster came ...... the class and saw Mohan. Mohan was standing ...... the door. The Headmaster went into his office and Mohan went ...... him. Mohan stood ...... his table. He rebuked him and asked him to go. Then Mohan went ...... Headmaster's office.

૮. BETWEEN, AMONG.

નીચેનાં વાક્યો વાંચો અને તેમાં આવેલાં between અને among નો ઉપયોગ ધ્યાનમાં રાખો :—

1. There was a quarrel BETWEEN a dog and a horse. Many beasts went to see this. There was a fox AMONG those beasts.
2. There is a table BETWEEN the two boys.
3. Take the money and distribute it equally AMONG all the boys.

જ્યારે બે માણસ કે બે વસ્તુની વાત કરતા હોઇએ ત્યારે BETWEEN વપરાય છે અને જ્યારે બે કરતાં વધારે માણસો કે વસ્તુઓની વાત કરતા હોઇએ ત્યારે AMONG વપરાય છે.

૯. BY, ABOVE, UNDER.

નીચેનાં વાક્યો વાંચો અને તેમાં આવેલાં by, above under નો ઉપયોગ જુઓ :—

1. Sit BY me.
2. The sky is ABOVE the earth.
3. He is standing UNDER a tree.

By નો અર્થ પાસે-બાજુમાં એમ થાય છે; above નો અર્થ '(ની) ઉપર' થાય છે; અને under નો અર્થ 'નીચે' થાય છે તે ધ્યાનમાં રાખો: –

૧૦. નીચેનાં વાકયોમાં ખાલી રાખેલી જગ્યાએ between, among, by, above કે under યોગ્ય રીતે મૂકો: –

1. Come and stand .... me.
2. The bridge is .... the river.
3. The river flows .... the bridge.
4. .... all the boys, Mahendra is the best.
5. Divide this money .... you two.

૧૧. નીચેનાં વાકયોમાં ખાલી રાખેલી જગ્યાએ યોગ્ય Prepositions મૂકો:—

1. The book .... the table is yours.
2. Is that an umbrella .... the corner ?
3. This chair .... the table is .... the teacher.
4. Come .... the class.
5. May I go .... that room ?
6. Throw the ball .... him.
7. He comes .... Surat.
8. The policeman ran .... the thief.
9. The thief was brought ...... the magistrate.
10. He was punished .... a theft.
11. I reached that place .... midnight.

12. The teacher punished him ...... a cane.
13. He was fined ...... the Headmaster.
14. He swims ...... the surface of the water.
15. Let us sit .... this tree.

૧૨. Translate into English:—

તમે આજે નિશાળે જવાના છો? હું ઘરે રહેવાનો નથી. હું નિશાળે જઈશ અને મારા વર્ગમાં બેસીશ. પછી અમે બધા એક વર્ગમાંથી બીજા વર્ગમાં જઈશું.

આજે અમારા શિક્ષક પહેલાજ સમયમાં અમારા વર્ગમાંથી બહાર ગયા. તે હંમેશાં દસ વાગ્યા પહેલાં નિશાળે આવે છે. તે હંમેશાં પાંચ વાગ્યા પછી ઘેર જાય છે.

મહેશ મારી બાજુમાં બેસે છે. સરલા અમારી બેની વચ્ચે બેસે છે. અમારી બેની વચ્ચે આ એકજ પેટી છે. આ પેટીમાં ઘણી ચોપડીઓ છે. આ બધી ચોપડીઓ હું મારા વર્ગના છોકરાઓમાં વહેંચીશ. તે બધા તે વાંચશે અને ખૂબ ખુશી થશે.

to ask,	કહેવું.	a beast,	પશુ.
a quarrel,	તકરાર.	best,	સૌથી સરસ.
to fine,	દંડ કરવો.	a theft,	ચોરી.

સપાટી,	surface.	વહેંચવું,	to distribute.
મધ્યરાત્રિ,	mid-night.	ન્યાયાધીશ,	a magistrate.

LESSON 16

Conjunctions

(How to join sentences.)

I. AND, BUT, OR.

AND

૧. નીચે વાકયોના જુદા જુદા સમૂહો આપેલા છે. આ વાકયોને AND Conjunction વડે જોડીને તેમાંથી એકેક વાકય બનાવ્યું છે. તે કેવી રીતે બન્યું તે જુઓ:—

1. We bought a chair. We bought a table.
   We bought a chair AND a table.
2. We bought mangoes. We bought oranges. We bought lemons.

   We bought mangoes, oranges AND lemons.

(આ બીજું વાકય ત્રણ વાકયોને જોડીને બનાવ્યું છે. આમાં ત્રણ Objects માં પહેલા અને બીજા Objects ની વચ્ચે (,) કોમા ચિન્હ મૂકાયું છે અને બીજા અને ત્રીજા Objects ની વચ્ચે and મૂકાયું છે તે ધ્યાનમાં રાખો.)

3. She jumps. She shouts.
   She jumps AND shouts.
4. Rama jumps. Krishna jumps.
   Rama AND Krishna jump.
5. Rama reads a poem. Krishna reads a poem. Sarla reads a poem.

   Rama, Krishna AND Sarla read a poem.

(વાક્ય નં. ૪ અને ૫ માં ક્રિયાપદોમાં થયેલા ફેરફાર ધ્યાનમાં રાખો. વળી, જે પ્રમાણે આપણે વાક્ય નં. ૨ માં ત્રણ Objects ને સાથે મૂક્યા હતા તેજ પ્રમાણે વાક્ય નં. ૫ માં ત્રણ Subjects સાથે મૂક્યા છે.)

6. Rama drank tea. Krishna drank coffee.
   Rama drank tea AND Krishna drank coffee.

૨. નીચેના વાક્યસમૂહોનાં વાક્યોને and થી જોડી તેમાંથી એકેક વાક્ય બનાવો:—

1. He is washing his hands. He is washing his feet.
2. His cow is white. His horse is white.
3. Cows are useful animals. Horses are useful animals. Donkeys are useful animals.
4. The boy has done the sum. The girl has done the sum.
5. I put on my shirt. I put on my coat. I put on my cap.
6. He took out a rupee. He gave it to the beggar.
7. My father went to his office. I came to school.

BUT

૩. નીચેના દરેક સમૂહનાં વાક્યોમાંથી BUT Conjunction વડે કેવી રીતે એકેક વાક્ય બનાવવામાં આવ્યું છે તે જુઓ:—

1. Rama is poor. Krishna is rich.
   Rama is poor BUT Krishna is rich.

2. This boy is clever. He is not honest.
   This boy is clever BUT not honest.
3. You may go. He may not go.
   You may go BUT he may not.
4. I could catch the ball. You could not catch it.
   I could catch the ball BUT you could not.

૪. નીચેના વાક્યસમૂહોમાં but મૂકીને તેમાંથી એકેક વાક્ય બનાવોઃ—

1. She is small. She is very clever.
2. The voice of the crow is not sweet. It is harsh.
3. Elephants are big animals. They can run fast.
4. You can do this example. You cannot do the next example.
5. This poem is long. It is not difficult.
6. Akbar was a great king. Humayun was not a great king.

નોંધઃ—ઉપર આપેલાં and અને but થી જોડાયેલાં વાક્યો સરખાવી જોશો તો તેમાં તમને તફાવત માલુમ પડશે. And થી જોડાયેલાં વાક્યોમાં એક બીજા વચ્ચે વિરોધનો ભાવ નથી. તેમાં ક્રિયા કે ગુણના મળતાપણાનો ભાવ રહેલો છે. પણ but થી જોડાયેલાં વાક્યોમાં એક બીજા વચ્ચે વિરોધનો ભાવ રહેલો છે. એટલે એ વાક્યોમાં આવેલાં ક્રિયા કે ગુણ એક બીજાથી ઉલટાં છે.

OR

૫. નીચે OR Conjunction વડે જુદા જુદા વાકયસમૂહો-માંથી એકેક વાકય બનાવવામાં આવ્યું છે તે જુઓ :—

1. Put him into the prison. Set him free.
   Put him into the prison OR set him free.
2. He has stolen the book. He has hidden the book.

   He has stolen OR hidden the book.
3. Are you awake ? Are you asleep ?
   Are you awake OR an asleep ?
4. Will you take a banana ? Will you take an orange ?

   Will you take a banana OR an orange ?

નોંધ :—તમે જોશો કે or થી જોડાયેલાં વાકયો એવી જાતની બે વસ્તુઓ કહે છે કે જેમાંથી એકની જ પસંદગી થઈ શકે અથવા એકજ વસ્તુ બની શકે or માં **આ અથવા તે**—આવી જાતનો ભાવ રહેલો છે.

૬. નીચેનાં વાકયસમૂહોમાં or મૂકીને તેમાંથી એકેક વાકય બનાવો :—

1. Do you like to hear a song ? Do you like to hear a story ?
2. Manu will win the prize. Kanta will win the prize.
3. Wear warm clothes. You will catch cold.
4. Is the dog dead ? Is the dog alive ?
5. You may enter the class. You may go away.

૭. નીચેનાં વાકયો and, but અથવા or વડે જોડો :—

1. My mother knows Mr. Desai. I know Mr. Desai.
2. Mr. Desai knows my mother. Mr. Desai knows me.
3. Run. You will be late.
4. You may run. You will not catch the train.
5. Ramesh invited me to his house. I did not go.
6. It was costly. It was not beautiful.
7. The diamond was large. It was valuable.
8. The lion and the lioness kill men. They do not eat them.
9. You may run fast. You may run slowly.

IF, WHEN, BECAUSE.

IF

૮. નીચેનાં વાકયો IF થી જોડાયાં છે તે જુઓ :—

1. We shall become wet. It rains.
   We shall become wet, IF it rains.

   or

   IF it rains, we shall become wet.

2. You will pass. You will work hard.
   You will pass, IF you work hard.

   or

   IF you work hard, you will pass.

તમે જોયું કે જે વાક્યો IF થી જોડાયેલાં હોય તે બે રીતે લખી શકાય છે–if ને વાક્યની વચ્ચે રાખીને અથવા if ને વાક્યની શરૂઆતમાં મૂકીને.

નોંધ :—ઉપરનાં વાક્યો હમણાં અથવા ભવિષ્યમાં થનારી ક્રિયા વિશે છે. જ્યારે આપણે આવાં વાક્યોને IF થી જોડીએ, ત્યારે if પછી આવનાર વાક્યનું ક્રિયાપદ હંમેશાં Present Tense માં લખાય છે.

ઉપરનાં વાક્યોમાં જે બે ક્રિયા ભવિષ્યમાં થવાની છે તેને વિશે લખેલું છે. તે બેમાંની એક ક્રિયા થશે કે નહીં તેનો આધાર બીજી ક્રિયાના થવા ઉપર છે; જેમકે, If it rains, we shall become wet. આપણે ભીંજાશું કે નહીં તેનો આધાર વરસાદ પડવા ઉપર છે. ત્યારે જે ક્રિયાના થવા ઉપર બીજી ક્રિયા થવાનો આધાર હોય તેને આપણે if ની સાથે present tense માં મૂકીએ છીએ.

૯. નીચેનાં વાક્યો બન્ને રીતે if થી જોડો :—

1. You will walk in the dark. You will fall.
2 He will give them prizes. They will please him with their work.
3. Chandu will come now. The teacher will make him stand.
4. My father will give me money. I shall buy a watch.
5. You will stand first. You read your lessons daily.

WHEN, BECAUSE.

. નીચેનાં વાક્યો WHEN અથવા BECAUSE વડે કેવી રીતે જોડાયાં છે તે જુઓ :—

1. Begin to run. I say ' three. '
   WHEN I say ' three, ' begin to run.

   or

   Begin to run, WHEN I say ' three. '

2. He came to my house. I was taking my bath.

   WHEN he came to my house, I was taking my bath.

3. We shall go out. He will come.
   We shall go out, WHEN he comes.

ɪ :—હમણાં અથવા ભવિષ્યમાં થનારી ક્રિયા વિશે બોલતા હોઇએ ત્યારે when પછી આવનાર વાક્યનું ક્રિયાપદ Present Tense માં લખાય છે.

4. She is crying. The teacher has driven her out.

   She is crying, BECAUSE the teacher has driven her out.

5. They killed the dog. It became mad.

   They killed the dog, BECAUSE it became mad.

. નીચેનાં વાક્યો when અથવા because થી જોડો : —

1. You will become old. Your hair will become grey.

2. It becomes dark. The night falls.
3. Kaushalya wept. Rama left her.
4. Raise your hands. I say ‘ one. ’
5. Men use fans. It is very hot.
6. They are begging. There is no one to help them.
7. Saraswati failed. She was idle.
8. The old man died. He fell down from the hill.
9. She was unhappy. Her child was ill.
10. How glad will she be ? She hears the good news.

૧૨. FOR, THEREFORE, SO.

નીચેનાં વાક્યો for, therefore અથવા so વડે કેવી રીતે જોડાયાં છે તે જુઓ:—

1. He passed. He worked hard.
   He passed FOR he worked hard.
2. He lost all his money. He was careless.
   He lost all his money FOR he was careless.
3. He worked hard. He passed.
   He worked hard, THEREFORE he passed.
4. He was careless. He lost all his money.
   He was careless, THEREFORE he lost all his money.
5. He is the best boy of our school. He got the medal.

He is the best boy of our school, SO he got the medal.

6. He is not well. The doctor examined him.
He is not well, SO the doctor examined him.

૧૩. નીચેનાં વાક્યોને for, therefore અથવા so થી જોડો:-

1. He was punished. He was guilty.
2. She went to bed. She was tired.
3. I wished to know it. I asked him.
4. He did not pass. He was not promoted.
5. He went to Bombay. His brother is there.
6. The mice play now. The cat is away.
7. Vidyut is jolly. All like her company.
8. Kusum is clever. The teacher likes her.
9. The teacher praises her. She works very hard.
10. Sarla does not work very hard. She is very intelligent.
11. She has very charming manners. She is the best girl of our school.

૧૪. Translate into English :—

મહેશ અને રમણિક આજે સવારમાં વહેલા ઉઠ્યા હતા. મહેશ ફરવા ગયો પણ રમણિક ફરવા ન ગયો. મહેશ અથવા રમણિક સુરત જશે. જો મહેશ સુરત જશે તો રમણિક ત્યાં નહીં જાય. જ્યારે રમણિક મહેશને ઘેર ગયો ત્યારે રમણિક વાંચતો

હતો. રમણિકને વાંચતો જોઇને મહેશ ત્યાંથી ચાલ્યો ગયો. મહેશ દોડવા લાગ્યો કારણ કે તે રમણિકથી ડરતો હતો. રમણિકે તેને ફરીને બોલાવ્યો, તેથી તે તેને ઘેર ગયો. પછી બન્ને મિત્રોએ સુરત જવાનો વિચાર બંધ રાખ્યો.

શબ્દો

jolly,	આનંદી,	company,	સોબત.
a prison,	કેદખાનું,	to hide,	સંતાડવું.
unhappy,	દુઃખી.	to invite,	નિમંત્રણ આપવું.
careless,	બેદરકાર.	guilty,	ગુન્હેગાર.
charming,	સુંદર.	manners,	રીતભાત.

સુરત જવાનો વિચાર બંધ રાખ્યો, gave up the idea of going to Surat.

LESSON 17

Degrees of Comparison

(Adjectives and Adverbs)

I The Comparison of Adjectives

૧. વિશેષણનો મુખ્ય ઉપયોગ શો છે ?

તમે જાણો છો કે કોઈપણ noun ની આગળ આપણે જુદાં જુદાં Adjectives લગાડીએ તો તે નામ વિશેના જુદા જુદા વિચારો બતાવી શકાય. પરંતુ જ્યાં એક નામ સાથે સરખા-મણી કરવી હોય ત્યાં Adjectives કેવી રીતે વપરાય છે તે હવે જોઇએ.

ધારો કે તમારા વર્ગમાં રમેશ અને મધુકર નામના બે વિદ્યાર્થીઓ છે. તે બન્ને સરખા હોશિયાર છે, સરખા ભલા છે અને સરખા ઉંચા છે. આ હકિકત નીચેનાં વાકયોમાં અંગ્રેજીમાં કેવી રીતે કહી છે તે જુઓ:—

1. Ramesh is AS CLEVER AS Madhukar.
2. Ramesh is AS GOOD AS MADHUKAR.
3. Ramesh is AS TALL AS Madhukar.

તમે જોયું હશે કે આ ત્રણે વાકયોમાં clever, good અને tall—આ ત્રણે વિશેષણોની આગળ અને પાછળ AS શબ્દ મૂકાયો છે.

૨. નીચેનાં વાકયોમાં ખાલી રાખેલી જગ્યાએ (નીચેના કૌંસમાંથી પસંદ કરી) યોગ્ય વિશેષણો મૂકો:—

(sweet, big, kind, new.)

1. Our teacher is as .... as your teacher.
2. This milk is as .... as honey.
3. Your cap is as .... as my cap.
4. Mohan's house is as ...... as Ramnik's house.

૩. બે માણુસો કે ચીજો અમુક ગુણુમાં સરખા છે તે, નીચે એક વાકય લખ્યું છે તે પ્રમાણે પણ બતાવી શકાય. જેમકે,
Sushila and Saguna are both equally clever.
આ વાકયને પણ આપણે બીજી રીતે લખી શકીએ:—

Sushila is AS CLEVER AS Saguna. અથવા
Saguna is AS CLEVER AS Sushila.

નીચેનાં વાકયોમાં ઉપર બતાવ્યાપ્રમાણે as............as વાપરો:—

1. Natu and Madhu are both six years old.
2. Your bat and my bat cost the same money.
3. This bag and that bag are equally heavy.
4. The second example and the fourth example are equally easy.

નોંધ:—તમે જોયું કે બે સરખા ગુણુવાળી ચીજોની સરખામણી કરતી વખતે વિશેષણનું મૂળ રૂપ વપરાય છે અને તે રૂપ POSITIVE DEGREE નું રૂપ કહેવાય છે; Positive એટલે નકકી; સ્પષ્ટ.

૪. ઉપરનાં વાકયોમાં, એક વસ્તુ બીજી વસ્તુના સરખા ગુણુ-વાળી હોય ત્યારે તે હકિકત અંગ્રેજીમાં કેમ લખાય તે આપણે જોયું. હવે, જ્યારે એક વસ્તુની બીજી વસ્તુ સાથે

સરખામણી કરીએ અને તે બે વસ્તુઓમાંથી એક વસ્તુ બીજી કરતાં વધારે સારી કે વધારે ખરાબ હોય ત્યારે આ હકિકત અંગ્રેજીમાં કેમ લખાય તે વિશે વિચાર કરીએ. જેમકે, રમેશ મધુકર કરતાં વધારે હોશિયાર છે. અથવા રમેશ મધુકર કરતાં વધારે ઉંચો છે—આ હકિકત આપણે અંગ્રેજીમાં નીચેપ્રમાણે લખશું:—

1. Ramesh is CLEVER THAN Madhukar.
   અથવા.
2. Ramesh is TALLER THAN Madhukar.

ઉપરનાં વાક્યોમાં આવેલાં clever અને tall વિશેષણોને ER પ્રત્યય લાગ્યો છે તે તમે જુઓ છો. આ વિશેષણોની પછી THAN શબ્દ મૂકાયો છે તે પણ તમે ધ્યાનમાં રાખો. તેજપ્રમાણે,

1. Sarayu is younger than Kanta.
   (કાન્તા કરતાં સરયુ નાની છે)
2. Kanta is kinder than Subodh.
   (સુબોધ કરતાં કાન્તા વધારે માયાળુ છે)

નોંધ:—આ પ્રમાણે બે વત્તા ઓછા ગુણવાળી ચીજોની સરખામણી કરતી વખતે વિશેણનું જે રૂપ વપરાય છે તે તેનું COMPARATIVE DEGREE નું રૂપ કહેવાય છે.

૫. નીચેનાં વાક્યોમાં ખાલી રાખેલી જગ્યાએ, નીચેના કૌંસમાં આપેલાં વિશેષણોની Comparative Degree નું યોગ્ય રૂપ મૂકો:—

(Wise, deep, small, loud.)

1. Your stick is .... than mine.

2. Ramesh is .... than his brother.
3. This well is .... than our well.
4. Your sister's voice is .... than your brother's voice.

૬. બે વસ્તુની સરખામણી કરવી હોય અને તેમાં એક વસ્તુ બીજી વસ્તુ કરતાં અમુક ગુણોમાં ચડતી કે ઉતરતી હોય ત્યારે એ વાત અંગ્રેજીમાં કેમ બોલવી તે આપણે જોયું. હવે, એક બાજુ એક વસ્તુ અને બીજી બાજુ એક કરતાં વધારે વસ્તુ—આમ જ્યારે સરખામણી કરવાની હોય ત્યારે આ હકિકત અંગ્રેજીમાં કેમ કહેવી તે વિશે વિચાર કરીએ. જેમકે,

રમેશ સૌથી વધારે હોશિયાર છે, અથવા

રમેશ સૌથી વધારે ઉંચો છે, આ હકિકત આપણે અંગ્રેજીમાં નીચે પ્રમાણે લખીશું:—

1. Ramesh is the CLEVEREST OF all (boys)
2. Ramesh is the TALLEST OF all.

ઉપરનાં વાકયોમાં આવેલાં clever અને tall વિશેષણોને EST પ્રત્યય લાગ્યો છે તે તમે જુઓ છો. આ વિશેષણોની પછી OF શબ્દ મૂકાયો છે તે પણ તમે ધ્યાનમાં રાખો. તેજપ્રમાણે:–

1. Sarayu is the youngest of all.

(આ બધામાં) સરયુ સૌથી નાની છે.

2. Kanta is the kindest of all.

(આ બધામાં) કાન્તા સૌથી વધારે માયાળુ છે.

નોંધ:—આ પ્રમાણે એક બાજુ એક વસ્તુ અને બીજી બાજુ બાકીની

બધી વસ્તુઓ–આ પ્રમાણે જ્યારે સરખામણી કરવાની હોય ત્યારે આ સરખામણી બતાવવા માટે વિશેષણનું જે રૂપ વપરાય છે તે તેનું SUPERLATIVE DEGREE નું રૂપ કહેવાય છે.

૭. નીચે વાક્યસમૂહો આપ્યા છે. તે દરેક વાક્યસમૂહમાંથી Superlative Degree ના વિશેષણવાળું અક્કેક વાક્ય બનાવો :—

(નીચે એક નમૂનાનું વાક્ય આપ્યું છે તે જુઓ)

Suresh is young. Surendra is younger than Suresh.

Ramesh is younger than Surendra.

RAMESH IS THE YOUNGET OF THE THREE (boys).

1. My coat is old. Your coat is older than mine. His coat is older than yours.
2. Mohan is bolder than Moti. Raghunath is bolder than Mohan.
3. My lamp is brighter than yours.
   My sister's lamp is brighter than mine.

૮. તમે જાણો છો કે વિશેષણના મૂળ રૂપને આપણે POSITIVE DEGREE નું રૂપ કહીએ છીએ. બે વસ્તુની સરખામણી કરતી વખતે ER પ્રત્યયવાળું જે રૂપ આપણે વાપરીએ છીએ તેને આપણે કયું રૂપ કહીએ છીએ ? COMPARATIVE નું.
અને વિશેષણનું બાકીનું ત્રીજું રૂપ કયું ? SUPERLATIVE DEGREE નું.

Comparative Degree નો પ્રત્યય ER અને Superlative Degree નો પ્રત્યય EST જ્યારે વિશેષણના મૂળરૂપને લાગે છે ત્યારે તે વિશેષણના રૂપમાં કેટલાક ફેરફાર થાય છે તે ધ્યાનમાં રાખો :—

૧. કેટલાંક વિશેષણોને ' er ' અને' est ' કંઈપણ, ફેરફાર વગર લાગે છે. જેમકે;

sweet, sweeter, sweetest
clever, cleverer, cleverest. વગેરે.

૨. જો વિશેષણને છેડે ' e ' હોય તો તે ' e ' ઉડી જાય છે અને પછી તેને er અને est પ્રત્યયો લાગે છે. જેમકે,

wise, wisER, wisEST.

૩. જો વિશેષણને છેડે ' y ' હોય અને તે y ની પૂર્વે કોઈ વ્યંજન હોય તો તે y નો i થઈ જાય છે અને પછી er અથવા est પ્રત્યય લાગે છે. જેમકે,

heavy, heavIER, heavIEST.

૪. પરંતુ જો વિશેષણને છેડે ' y ' હોય અને તે y ની પૂર્વે કોઈ સ્વર હોય તો y નો i થતો નથી અને વિશેષણના મૂળ રૂપને જ કંઈ પણ ફેરફાર વગર er અથવા est પ્રત્યય લાગે છે. જેમકે,

gay, gayER, gayEST.

૫. પરંતુ જો વિશેષણને છેડે વ્યંજન હોય અને તેની પૂર્વે એકજ સ્વર હોય તો તે વ્યંજન બેવડાય છે અને પછી er અથવા est પ્રત્યય લાગે છે. જેમકે,

big, biGGER, biGGEST.

૯. નીચેનાં કોઠામાં ખાલી રાખેલી જગ્યાએ વિશેષણોનાં યોગ્ય રૂપ મૂકો:—

DEGREES OF ADJECTIVES

POSITIVE DEGREE	COMPARATIVE DEGREE	SUPERLATIVE DEGREE
Light		
Lazy		
		fattest
Thick		
	greater	
Grey		
	sadder	
Thin		
	finer	
		happiest
		largest
True		

૧૦. કેટલાંક વિશેષણોનાં Comparative અને Superlative Degree નાં રૂપો માટે કશા નિયમો નથી. તે રૂપો અનિયમિત રીતે થાય છે તે યાદ રાખો:—

POSITIVE	COMPARATIVE	SUPERLATIVE
Good	better	best
Bad	worse	worst
Ill	worse	worst
Much	more	most
Many	more	most
Little	less	least
Old	{ older elder	{ oldest eldest

૧૧. કેટલાંક વિશેષણો બોલવામાં બહુ લાંબાં લાગે છે અને તેના ભાગ પડી શકે એવડાં મોટાં હોય છે. આવા વિશેષણોને Comparative Degree નો પ્રત્યય 'er,' કે Superlative Degree નો પ્રત્યય 'est' લાગતો નથી. પરંતુ તે વિશેષણના Positive Degree ના રૂપની આગળ MORE અથવા MOST મૂકવાથી તેનાં Comparative અથવા Superlative Degree નાં રૂપ બને છે.

દાખલા તરીકે, Beau-ti-ful,

POSITIVE.	COMPARATIVE.	SUPERLATIVE.
Beautiful	More beautiful	Most beautiful

તેજ પ્રમાણે,

Handsome	more handsome	most handsome
Cheerful	more cheerful	most cheerful

૧૨. Translate into English:—

તમે મારા જેટલા ઉંચા છો. તમારી નાની બ્હેન પણ મારી નાની બ્હેન જેટલીજ સુંદર છે. આ ફૂલ તમારી વાડીના ફૂલ જેટલું તાજું નથી.

મારી વાડીનાં ફૂલો બીજી કોઈપણ વાડીનાં ફૂલો કરતાં વધારે તાજાં હોય છે. મારાં ગુલાબ તારાં ગુલાબ કરતાં વધારે મોટાં છે, અને તેમાંથી વધારે સુગંધ આવે છે. શું તું આ નથી જાણતો? અમારા કુવાનું પાણી બીજા કુવાઓનાં પાણી કરતાં ચડીઆતું છે.

આ બધી વાડીઓનાં ફળોમાં મારા ભાઇની વાડીનાં ફળો સૌથી વધારે સારાં છે. તેના કુવાનું પાણી સર્વોત્તમ છે. તું બડાઇ મારે છે. પણ એ પાણી તેં પીધું છે? મ્હેં ઘણાં કુવાઓનું પાણી પીધું છે પણ આ કુવાનું પાણી મને સૌથી વધારે મીઠું લાગે છે. આ ફળો સૌથી વધારે મીઠાં છે માટે જ તે સૌથી વધારે મોંઘાં મળેછે.

શબ્દો

heavy, ભારે, વજનદાર. bright, તેજસ્વી.
thin, પાતળું. lazy, આળસુ.

મોંઘું, dear. સોંઘું, cheap.
બડાઈ મારવી, to boast.

II The Comparison of Adverbs

જેમ આપણે Adjectives ની સરખામણી કરી શકીએ તેજ પ્રમાણે આપણે Adverbs ની પણ સરખામણી કરી શકીએ અને તેથી Adjectives ની માફક Adverbs ને પણ Positive, Comparative અને Superlative-આ ત્રણે Degrees હોય છે.

Adverbs અને Adjectives ની આ ત્રણે Degree નાં રૂપો માટેના નિયમો સરખા જ છે.

નીચેનાં વાકયોમાં આવેલાં Adverbs જુઓ :—

1. Sohrab ran FAST. Homi ran FASTER THAN Sohrab. Nadir ran FASTEST OF all.
2. Vidyut gets up EARLY, but Manorama gets up EARLIER THAN Vidyut, while Madhurika gets up EARLIEST OF all.
3. Bhanumati writes CAREFULLY. Maya writes MORE CAREFULLY than Bhanumati. Her sister writes MOST CAREFULLY of all the girls in the class.

૨. નીચેના કોઠામાં ખાલી રાખેલી જગ્યાએ Adverbs નાં યોગ્ય રૂપો મૂકો :—

DEGREES OF ADVERBS

POSITIVE DEGREE	COMPARATIVE DEGREE	SUPERLATIVE DEGREE
Late		
	louder	
		nearest
Soon		
	more wisely	
Beautifully		
		most quickly
Long		

કેટલાંક Adjectives ની માફક કેટલાંક Adverbs નાં તુલનાત્મક રૂપો અનિયમિત રીતે થાય છે તે ધ્યાનમાં રાખો:—

POSITIVE	COMPARATIVE	SUPERLATIVE
Well	better	best
Badly	worse	worst
Much	more	most
Little	less	least
Far	farther	farthest

૪. નીચેનાં વાક્યોમાં ખાલી રાખેલી જગ્યાએ, કૌંસમાં આપેલાં Adverbs નાં યોગ્ય રૂપો મૂકો:—

1. Suresh came (late) ...... than Mahendra.
2. They went (far) .... of all.
3. You write (clearly) ...... than your sister.
4. Why don't you get up (early)...... to-day, than you did yesterday.
5. Do your work (quietly) .... than the other class.
6. She worked (hard) .... of all.

૫. નીચેનાં વાક્યોમાં રહેલી ભૂલો સુધારીને એ વાક્યો તમારી નોટમાં લખો:—

1. Go early than you did on Monday.
2. They draw the maps carefully than you do.
3. My younger sister went farthest than all.
4. Our teacher is as cleverer as your teacher.
5. The rose is the most beautiful flower than all.
6. Can you not play as best as I do ?

૬. Translate into English:—

તમારે ધીરેથી વાંચવું જોઇએ. ઉતાવળથી વાંચશો તો તમે ભૂલો કરશો. બેદરકારીથી વાંચશો તો તમને કંઈ યાદ નહીં રહે. સુરેન્દ્ર ખૂબજ સંભાળપૂર્વક વાંચે છે. તમારે તેના જેટલું સંભાળપૂર્વક વાંચવું જોઈએ. મહેશ તારા કરતાં વધારે સારી રીતે વાંચે છે. તે સૌથી વધારે સુંદર રીતે રમે છે.

પ્રબોધ મીઠી રીતે ગાય છે. દિનકર સૌથી વધારે મીઠી રીતે ગાય છે અને સરલા સૌથી સુંદર રીતે હસે છે; પણ તે સૌથી વધારે દૂર જઈને બેસે છે.

શબ્દો

soon, તરતજ	near, પાસે
well, સારી રીતે	far, દૂર

યાદ રાખવું, to remember.	બેદરકારીથી, carelessly.
મીઠી રીતે, sweetly.	સુંદર રીતે, nicely.

LESSON 18

Analysis

૧. તમે જાણો છો કે કોઈપણ વાક્યમાં Subject વિભાગ અને Predicate વિભાગ એવા મુખ્ય બે વિભાગો હોય છે. નીચેનાં વાક્યોમાં આવા વિભાગો બતાવો:—

1. Mira reads her lessons.

2. A boy drove the car.

આમાંથી બીજું વાક્ય લઇએ.

Subject Part ...... A boy.

Predicate Part ...... drove the car.

તમે જાણો છો કે કોઈ પણ Noun ની સાથે તમે Adjective મૂકો તો તે Noun ના અર્થમાં કંઈક વધારો થાય છે. હવે આ વાક્યમાં આવતા ' boy ' નામને આપણે એક વિશેષણ લગાડીએ.

A CLEVER boy drove the car.

હવે આ વાક્યમાં Subject Part કયો ?

A clever boy.

તમે જોયું કે પહેલાં કરતાં Subject Part હવે મોટો થયો. હવે તેજ પ્રમાણે Predicate Part ની અંદર આવેલ Car શબ્દને એક વિશેષણ લગાડો.

A clever boy drove the NEW car.

હવે આ વાક્યમાં Predicate Part કયો ?

drove the new car.

તમે જોયું હશે કે પહેલાં કરતાં Predicate Part હવે મોટો થયો છે. હવે ફરીને આપણે મૂળ વાક્ય લઈએ:—

A boy drove the car.

આ વાક્યમાં Subject શું છે ? A boy.
અને Object શું છે. A car.

તમે Subject Part અને Predicate Part માં નવા શબ્દો ઉમેરીને વાક્ય બનાવ્યું તે આ રહ્યું:—

A clever boy drove the new car.

આ વાક્યમાં 'clever' વિશેષણ boy ને લાગેલું છે. પરંતુ તમે જાણો છો કે boy આ વાક્યમાં Subject છે; માટે આ clever વિશેષણ Subject ને લાગેલું છે અને તે boy શબ્દના અર્થમાં વધારો કરે છે. માટે આ વિશેષણ SUBJECT **ના અર્થમાં વધારો કરનાર** કહેવાય; એને અંગ્રેજીમાં ENLARGEMENT OF THE SUBJECT **કહેવાય છે.**

તેજ પ્રમાણે new વિશેષણ car ને લાગેલું છે અને car આ વાક્યમાં Object છે; માટે આ વિશેષણ Object ને લાગેલું કહેવાય અને તે વિશેષણ car શબ્દના અર્થમાં કંઈક વધારો કરે છે માટે આ વિશેષણ OBJECT **ના અર્થમાં વધારો કરનાર**—ENLARGEMENT OF THE OBJECT કહેવાય છે.

૨. નીચેનાં વાક્યોમાં ખાલી રાખેલી જગ્યાએ Subjects અને Objects નાં Enlargements મૂકો. (નીચે કૌંસમાં વિશેષણો આપ્યાં છે તેમાંથી યોગ્ય પસંદગી કરવી)

(Young, fresh, red, black, white, old, bad, good.)

1. My ...... sister helped that ...... man.
2. Who does not like .... flowers ?
3. That ...... man never rides a ......horse.
4. A ...... boy has broken the ...... glass.
5. Shanta always shows .... manners.

૩. જે શબ્દો Subject કે Object ના અર્થમાં વધારો કરે છે તે Enlargement of the Subject અથવા Enlargement of the Object કહેવાય છે તે તમે જાણ્યું. તેજ પ્રમાણે કેટલાક શબ્દો ક્રિયાપદમાં વધારો કરે છે. આવાં ક્રિયાવિશેષણોને Extension કહેવાય છે. જેમકે,

He got up EARLY.

He got up. WHEN ? EARLY.

The boy drives a car SLOWLY.

HOW does the boy drive the car ? SLOWLY.

The boy drives the car IN THE STREET.

WHERE does he drive the car ? IN THE STREET.

આ બધાં વાકયોમાં આવેલા early, slowly અને in the street—આ શબ્દો ક્રિયાપદોના અર્થમાં વધારો કરે છે માટે તે **ક્રિયાપદમાં વધારો કરનાર** અથવા EXTENSION OF THE PREDICATE કહેવાય છે.

૪. નીચેનાં વાકયોમાં ખાલી રાખેલી જગ્યાએ યોગ્ય Extensions મૂકો. કૌંસમાં શબ્દો અથવા શબ્દસમૂહો આપ્યા છે તેમાંથી યોગ્ય પસંદગી કરો.

(soundly, in the morning, badly, to-morrow, in that place.)

1. Why don't you go out .... ?
2. Tired boys sleep ....
3. You read ....
4. He got much success ....
5. Will you come to me .... ?

૫. Complement વિશે તમે નવમા પાઠમાં શીખી ગયા છો એટલે તે વિશે અહીં ફરીથી કંઈ કહેવાની જરૂર નથી.

નીચેનાં વાકયોમાંથી Complement બતાવો :—

1. He is a king.
2. His brother became a great poet.
3. He was ordered to be punished.

૬. નીચે ખાનાંઓ પાડીને ત્રણ વાકયોનું પૃથક્કરણ–Analysis–કરેલું છે તે જુઓ :—

1. The sky was clear in the morning.
2. Our good teacher gave him a nice certificate at once.
3. A man of wealth should always treat those without wealth, with kindness.

Sentence	SUBJECT PART		PREDICATE PART			
No.	Subject	Enlargement of the Subject	Verb	Object with its enlargement	Complement	Extension
1.	The sky	—	was	—	clear	in the morning
2.	Teacher	1. our 2. good	gave	1. him 2. a nice certificate	—	at once
3.	A man	with wealth	should treat	those without wealth	—	1. always 2. with kindness

૭. ઉપર પ્રમાણે તમારી નોટમાં કોઠો દોરો અને નીચે આપેલાં વાક્યોનું તમારી નોટમાં Analysis કરો :—

1. We must be careful at that time.
2. My grandmother told me a very nice story last night.
3. Mr. Solanki teaches us Arithmetic with great success.
4. A gentleman living in a city should have a house in a nice village.
5. The teacher of that class took his boys to the exhibition.
6. A regular walk is a very good exercise.
7. The milk drunk by us was very sweet.
8. One morning, I found a rupee from the garden.
9. My friend has brought a very nice book of poems.
10. For the whole day, we read nice poems from that book.

LESSON 19

Parts of Speech—Revision

૧. અત્યાર સુધીમાં તમે જુદાજુદા Parts of Speech વિશે જે જે વિગતો શીખી ગયા તે બધી વિગતોનું હવે પુનરાવર્તન કરીએ.

નીચે એક વાકય આપેલું છે અને તેની નીચે, તે વાકયમાં આવેલ દરેક શબ્દનું Parsing કરેલું છે તે જુઓ:—

My good friend had run fast, so he got that prize.

My—Personal pronoun, first person, singular number, common gender, possessive case

Good—Adjective of quality, positive degree added to the noun ' friend. '

Friend—Common noun, masculine gender third person, singular number, nominative case, subject of the verb ' had run. '

Had run—Intransitive verb, active voice, past perfect tense, third person, singular number, subject ' friend. '

Fast—Adverb of manner, positive degree added to the verb ' had run. '

So—Conjunction, joining the two sentences " my friend had run fast " and " he got the prize. "

He—Personal pronoun, third person, singular number, masculine gender, nominative case, subject of the verb ' got. '

Got—Transitive verb, active voice, past tense, third person, singular number, subject ' he, ' object ' prize. '

That—Demonstrative adjective, qualifying the noun ' prize. '

Prize—Common noun, neuter gender, third person, singular number, objective case, object of the verb ' got. '

2. Parse fully all the words in the following sentences:—

1. You should read this book carefully again.
2. You have learnt your lessons from this book for the whole year.
3. You will speak English well and you will write it correctly now.
4. Bravo ! You have done your duty.

PART II

Composition

Stories

LESSON 1

Read the following story carefully:—

One summer day, a lion was sleeping unde great Banian tree in a forest. Seeing that the gr beast was fast asleep, a number of mice came out a hole and began to play near by. Some of th even began to run over his body. This disturt him from his sleep and he woke up and caught c of them in his paw. He was about to kill hi but the little mouse begged his pardon and beg to cry in such a way that the lion felt pity for h and let him go.

After a few days, the lion was caught b hunter in his net, under the same tree. roared and tried to get out of the net but all efforts to make himself free were in vain. T little mouse hearing the lion's cries came out of hole and saw him in great diffiiculty. He cal all his friends to his help; and all the mice began gnaw the ropes of the net and thus in a f minutes made the lion quite free.

Answer the following questions:—

1. Where was the lion sleeping ?
2. Why did the mice play there ?
3. Who disturbed him in his sleep ?
4. What did he intend to do to the little mouse ?
5. Why did he set him free ?
6. What happened to the lion after a few days ?
7. What did he do to make himself free ?
8. Who saw the lion in troubles ?
9. Whom did he bring with him to help him ?
10. Why did they all help the lion ?

Write in your note book this stoty in your own words and give it a heading.

LESSON 2

Here is the story of "The Old Man and His Sons." You will find so many blanks in this story. All these words are taken away by me from the story but I have given them below. You should select the right word for each one of the blanks and put it in its proper place.

so	*often*	*them*	*easily*
of	*there*	*none*	*all*
one	*break*	*together*	*each*
but	*strength*	*among*	*have*

An old man had four sons who were quarrelling with one another. Their father always advised .... not to do so, but they would pay no heed to what he said and .... he was very unhappy.

Once the father was very ill and called .... of them near him. ...... was a bundle ... sticks lying in a corner. He asked .... of them to bring that bundle to him. When he did so, he asked him to try to .... the bundle. He could not do so. Then he asked all of them in turn, to try to break the bundle .... one of them tried, but .... of them could break it.

The father, then, asked them to untie the bundle and told his sons to break the sticks separately. They could break all the sticks then.

The father said, " My dear sons, what .... you seen now ? The sticks, so long as they were .... , could not be broken by you; but when they were separated you could .... break them. Similarly, if you stand together, no one will be able to hurt you, ... , if you quarrel .... yourselves, people can do you much harm. You should always remember that Union is ...."

LESSON 3

In the story given below some words are missing. Put these missing words in the blanks:—

THE OFFICE-CLOCK.

An office was closed .... a fortnight. When the office opened and the clerks .... to it, they found that the big office-clock .... stopped. .... of them said, " I think it wants oiling. " Another clerk said, " Perhaps the main spring is broken. " The head clerk said that it was rusty. The manager came and was surprised to hear about it, ...it was quite new and .... bought only two months back. He was just thinking of sending it back .... the man from .... he had bought it .... this moment, the peon came .... , ... *wound it up*; and .... once, it began ...... work.

Seeing this all ...... them silently went away ...... there .... began to mind their own work.

LESSON 4

Here are sentences which give the chief events of a story. From these points build up the story and give it a heading:—

1. A dog was sitting with a bone in his mouth.
2. A crow saw the dog.
3. The crow wished to get the bone.
4. The crow flew away and returned with another crow with him.
5. Both of them went near the dog.
6. One of them pulled the dog's tail.
7. The dog turned round and barked.
8. The bone was dropped from his mouth.
9. The other crow took it up at once and flew away with it.
10. His friend also went after him.

LESSON 5

Letters

Suppose the post-man gives you a letter for yout elder brother. Here it is:—

Stamp

To

D. M. Bhatt, Esq.,
Vasant Nivas,
Charni Road,
BOMBAY.

You see how the name is written on the envelope. Just below the name there is the address. The name of the town is written last and a little to the right.

The right-hand corner at the top is meant for the postage stamp.

You give this letter to your brother. He opens it and finds that it is from your cousin Ramesh. He reads it and then gives it to you for reading. This is what you read:—

Ranika,
Bhavnagar.
15th March 1939.

My Dear Cousin,

Many thanks for your kind letter. I am so glad to know that you intend to pass your summer holidays at Matheran together with your friends. We had been there last summer and had a lot of fun. I am sure, you too, will have a very pleasant time there.

Our holidays will begin from the 2nd of May and I think Mahendra's school also will be closed about the same time. Will you kindly remind him of his promise to me, about coming to this place and stay with us for a few days ? We shall all be so glad to have him with us this summer. I shall write to him separately also.

Please give my love to mother and sister.

Your loving cousin,
Ramesh.

You must have observed that the address of the writer is written on the right-hand top corner of the paper and the date is written just below it.

All this is called the HEADING of the letter. Then the letter begins. yon must have seen

from what part of the paper the BEGINNING of the letter is made.

Then there is the BODY of the letter in which the writer writes something which he wishes to say.

And then comes the ENDING of the letter. Please see the 'ending' of this letter very carefully. Every letter must be signed. Generally, you are to put your full name there, but when you are writing to your family or to your friend, you may put only your name or even your short name.

For different persons there are different beginnings and different endings. Some of them are given below:—

For father, mother, uncle etc.

(beginning) My Dear Father, My Dear Mother, My Dear Uncle etc.

(ending) Your affectionate son, your affectionate nephew, etc.

For brother, sister, cousin

(beginning) My Dear Brother, My Dear Sister, My Dear Cousin.

(ending) Your loving brother,

or

Your affectionate brother, your affectionate cousin.

For a friend

(beginning) My Dear friend,

or

Dear .... (write his name.)

(ending) Yours sincerely

or

Ever yours.

For your teacher, Headmaster

(beginning) Dear Sir,

or

Dear Madam, (when writing to a lady.)

(ending) Your obedient pupil.

Exercises

1. Write a letter to your mother, telling her what you saw at an exhibition, to which all the pupils of your class were taken by your class-teacher.
2. Suppose you have gone to a hill-station for change of air. Write a letter to your Head-master, telling him how you spend

your days there and who your new companions are.

3. Write a letter to your friend to tell him that you cannot join the picnic arranged by him and which you intended to join. Give your reasons for that.

4. Write a letter to your elder brother, in which you request him to buy a bicycle and send it to you.

LESSON 6

Telegrams

You know that when we want to say something to somebody with whom we cannot talk personally, we write a letter to him.

If we want to say something to this person very urgently, we should send him a telegram.

Suppose you want to inform your friend that:—

The Kashmir tour of your school has been finally fixed. There are 90 pupils joining the tour. You all will start from Bombay on the 2nd of May 1939, by the Delhi Express. You want your friend to join the party at Surat.

(You know that there are special forms for telegrams which can be obtained from a telegraph or a post office.)

This is what you should telegraph to your friend :–

TO	*Name*	Ramnik Kanubhai Bhatt,	
	Address	Chandani Bazaar,	
	Telegraph Office	Surat.	
Kashmir	tour	fixed	90
pupils	starting	Delhi	Express
second	May	join	Surat
FROM			Harin
NOT TO BE TELEGRAPHED	*signature and Address of Sender*	Harin M. Mehta. Mehta Mahal, Gamdevi, Bombay.	

See very carefully the language of this telegram. The message in a telegram should be short and clear. You cannot write your message at length, for then, it would be very costly.

At the end of the telegram, you should put your signature and address for the information of the telegraph office, although that is not to be telegraphed.

Exercises

1. (Suppose your parents are at Poona but you are in Bombay. Your father writes to you that your sister is very ill and desires to see you. He asks you to start immediately.)

Send a telegram to your father to say that you are very sorry to learn about your sister's illness, and you want to be by her bed-side. Your examination is going on; so the Hed Master will allow you to leave Bombay on Saturday evening after the last paper is over.

Request your father to inform your sister about this.

2. Send a telegram of congratulations to your cousin whose marriage you cannot attend. Give some strong reason for this and request him to accept the wedding present which you have already sent to him by post.

LESSON 7

RIGHT WORD IN THE RIGHT PLACE

You see some blanks in the sentences given below. At the end of each sentence some words are given in brackets. Select the right word and put it in the right blank.

1. This book is different ...... that. (from, to)
2. Who .... that glass? (broken, broke)
3. Shall you and ...... go together? (me, I)
4. When the rats ...... the cat, they .... away. (see, saw, ran, run)
5. .... they all gone? (has, have)
6. .... books are quite new. (those, them, they)
7. We ...... afraid of him. (was, were)
8. She was .... music at home. (taught, learned)
9. I came earlier than .... (him, he)
10. Who is the .... of the two? (best, better)
11. Divide this money .... you two. (between, among)
12. Every boy should do .... work. (their, his)

13. .... or .... cannot read this. (he, him, me, I)

14. This is best of the .... (two, three)

15. They have ...... to ...... (spoke, spoken, he, him)

16. Every one of my flowers ...... fresh. (are, is)

17. None of them ...... there. (was, were)

18. He never gave .... answer. (no, any)

——:o:——